Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૨ • તા.૨૫ મે થી ૩૧ મે ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ - ગાંધીધામ દ્વારા શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટના સહયોગથી અભિગમ કસોટી

**Aptitude test**



દીપ પ્રાગટ્ય




બેનર



પ્રારંભે નવકાર પઠન



નવકાર પઠન કરતી કારોબારીની બહેનો



રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટના પ્રતિનિધી દીપ્તિબેનનું બહુમાન



વિશેષ આમંત્રિતો



માર્ગદર્શન મેળવવા આવેલા વાલીઓ અને વિદ્યાર્થીઓ



માર્ગદર્શન મેળવવા આવેલા વાલીઓ અને વિદ્યાર્થીઓની વિશેષ છટા



અભિગમ કસોટી આપી રહેલા વિદ્યાર્થીઓ



કાર્યક્રમ સફળ રહ્યાનો સંતોષ દર્શાવતા આયોજકો

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી, મુંબઇ - તા. ૧૧-૪-૨૦૧૩







આવકાર - તિલક - સંઘપૂજન - રજિસ્ટ્રેશન





સમૂહ પેડીનો સુશોભિત મંચ

માતાજીની સ્થાપના







માતાજીની સ્થાપના - ધૂપ પુજન - વંદના - ધ્યાન







માતાજીની અર્ચના - આરાધના અને સ્વરચિત આરતીની રજુઆત







ઉપસ્થિત વડીલો - બહેનો - ભાઈઓ

સૌજન્ય :- શા. વેરશી માંયા મોતા - સુથરી - વિર્લેપાર્લા હ. રોનક ત્થા નેહા જનક મોતા

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી, મુંબઇ - તા. ૧૧-૪-૨૦૧૩



ક્ષેત્રપાળ જુહારવા જતી વહુઆરો



ક્ષેત્રપાળ મંદીરમાં



માતાજીની સમૂહ પહેડીના જુહાર







માતાજીને વિવિધ થાળ ધરાવતા લાભાર્થી પરિવારના સભ્યો







માતાજીના આરતીમાં મગ્ન લાભાર્થી પરિવાર અને મોતા પરિવારના કુટુંબજનો





લાભાર્થી પરિવારનું અનુમોદન



ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી,
મુંબઇના યુવા પ્રમુખશ્રી નયન ભેદાનું
અભિવાદન કરતા શ્રી જનક મોતા



રાજલક્ષ્મી આરોગ્યધામ, પંચગની ના
નિર્માતા લક્ષ્મીચંદ ધારશી નું અનુમોદન



પ્રાસંગિક રજુઆત

સૌજન્ય :- શા. વેરશી માંયા મોતા - સુથરી - વિર્લેપાર્લા હ. રોનક ત્થા નેહા જનક મોતા

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી, મુંબઇ - તા. ૧૧-૪-૨૦૧૩





માતાજીની વંદના કરતા ભાવિકજનો

ઉપસ્થિત પરિવારજના





ગરબા-મટૂકડી - નૃત્ય દ્વારા આરાધનામાં લીન પરિવારજના





પરિવારના યુવાઓનું સરસ્વતી સન્માન





સરસ્વતી સન્માન

પ્રાસાદનો આનંદ માણતા પરિવારજનો





સમૂહ પહેડીનો લાભાર્થી પરિવાર

---

સૌજન્ય :- શા. વેરશી માંચા મોતા - સુથરી - વિર્લેપાર્લા હ. રોનક ત્થા નેહા જનક મોતા

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી

મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી ગુરૂવાર તા. ૧૧. ૦૪. ૨૦૧૩ ના સવારના ૧૦.૩૦ કલાકથી ભાંડુપ અનંતસિદ્ધી પરિસરમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા સભાગૃહના બેન્ક્વેટ હોલમાં ભોંયતળીયે યોજવામાં આવેલ.

સવારના ૯.૩૦ કલાકે લાભાર્થી પરિવારે માતાજીના ભૂવાશ્રી હિરાચંદ પટેલની રાહબરીમાં માતાજી ની વિધિવત સ્થાપના પૂજાવિધિથી કરી હતી. દિપ્તીબેન શાહ (દેઢીયા) ની મંડળીએ સુગંધી વાતાવરણમાં માતાજીની અર્ચના - આરાધનાની શરૂઆત કરી હતી. વિવિધ રજુઆત દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અને સૌ બે કર જોડી કરતલ ધ્વની દ્વારા આરાધનામાં જોડાયા હતા. ક્ષેત્રપાલ દાદાના જુહાર કરીને બહેનો પધાર્યા કે લાભાર્થી પરિવારે વિવિધ પ્રાસાદના થાળ સંગીતને સથવારે નાચતાં ગાતાં પધારીને ધર્યા હતા. લાભાર્થી શા. વેરશી માંયા મોતા હ. રોનક તથા નેહા જનક મોતા - સુથરી - વિલેપાર્લા પરિવાર એવં મોતા પરિવારની વહુઆરોએ માતાજીની સમૂહ પહેડીના જુહાર કર્યા હતા. ફુલોથી શણગારેલ સ્ટેજ એવં માતાજી ના વિશાળ ફોટાપાસે ભુવાજી બિરાજયા હતા.શણગારેલી આરતીથી લાભાર્થી પરિવાર, પરિવારના વડીલો એવં મોતા પરિવારના સૌએ માતાજીની સંગીતમય આરતી,સંગીત મંડળીના સથવારે ગાઈને કરતલ ધ્વની દ્વારા સંપન્ન કરાવી હતી.

કુમારીકાઓએ પ્રાસાદ લીધા બાદ, મોતા પરિવાર યુથ ફોરમ દ્વારા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. SSC/HSC ના પ્રથમ ૨ અને ગ્રેજ્યુએટ કે તેથી ઊચ્ચ પરિક્ષા પાસ કરનાર મોતા પરિવારના ૧૨ યુવાઓનું મોમેન્ટો એવં સર્ટિફિકેટ એનાયત કરીને અભિવાદન કરાયું હતું. મુંબઈ મહાજનશ્રીના યુવા પ્રમુખશ્રી એવં લાભાર્થી પરિવાર શા. વેરશી માંયા મોતા - સુથરી - વિર્લેપાર્લા હ. રોનક ત્યા નેહા જનક મોતા નું અભિવાદન કરાયું હતું. મોતા પરિવારના વડીલ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા એ સ્વખર્ચે અધ્યતન ૨૨ રૂમ અને અનેક સગવડ ધરાવતું રાજલક્ષ્મી આરોગ્યધામ, પંચગની મધ્યે બાંધી, સમાજના મધ્યમ વર્ગીય ભાઇબહનોના હિતાર્થે સમાજને અર્પણ કર્યુ તે બદલ ચાંદીના નાળિયેર / શાલ / હારથી અનુમોદના કરવામાં આવી હતી ( તા. ૧૫. ૦૪. ૨૦૧૩ ના પંચગની મધ્યે યોજાયેલ ઉદઘાટન કાર્યક્રમમાં પણ મોતા પરિવારે માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ મોતાનું અનુમોદન કરેલ.)રાસ ગરબા એવં મટુકડી રાંધ સાથે બહેનો -યુવાઓ - ભાવિકો એ સંગીત મંડળી ને સાથ આપ્યો હતો. શ્રી. જનકભાઇના સાસુજી ગં. સ્વ. ઊમાબેન હરખચંદ ચાંપશી દંડ, તેરા (ખામગામ વાળા ) એ સ્વરચિત માતાજીની આરાધના પોતે સંગીત મંડળી સાથે ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા .

પ્રાસાદ લઇને માતાજીને યાદ કરતા સૌ ભાવિકો નવરાત્રીએ માતાજીને ભેટવાની ઈચ્છા સાથે વિદાય થયા હતા.

આ વખતે નવરાત્રીમાં બે શનિવાર / રવિવાર આવતા હોવાથી સૌ યુવાઓને અને સંપુર્ણ નવરાત્રી માટે અન્યોને તેરા પધારી માતાજીના સાનિધ્યમાં નવરાત્રીમાં માતાજીની આરાધના કરવાનું આમંત્રણ અપાયું હતું.

નોંધઃ તેરા ખાતે માતાજીના મંદીર એવં ગર્ભદ્વારનું રંગરોગાન કરાવી, નવી ગ્રીલ તથા વધારાનો દરવાજો બેસાડી એવં CCTV કેમેરા દ્વારા માતાજીના મંદીરની સુરક્ષા વધારવામાં આવેલછે.મુખ્ય માતાજીની ફળીનું મીનાકામ કરાએલ છે. ૨૦૧૨-૧૩ સુધીના ટ્રસ્ટના હિસાબો ઓડીટ થઇ ગયેલ છે. માતાજીના મંદીરે મહેતાજી હીરેન ખોના ૨૪ કલાક હાજર રહે છે. નહાવા, ધોવા કે આરામ કરવાની સગવડ છે.

**સૌજન્ય : - શા. વેરશી માંયા મોતા - સુથરી - વિર્લેપાર્લા હ. રોનક ત્યા નેહા જનક મોતા**

## નોટબુક વિતરણ નાં કેન્દ્રો

૧. **ધવલ પ્રશાંત ધરમશી**
૨૬૨/૭૦, અનંતનિવાસ, એન.એન. સ્ટ્રીટ,
૪થો માળે, ૮૬ ૮૯ મસ્જિદ બંદર,
મો.: **8655521252**

૨. **ચાંદની પરેશ લાલકા**
૨૪૩/૬, નિશાંત વીલા, સેક્ટર ૨૧,
વાશી, મો.: **9833225053**

૩. **પુરબાઇ અતિથીગૃહ**
ચેમ્બુર વી.એ.વી.જી., છેડાનગર,
અમૃત ગ્રેન સ્ટોર, રોડ નં. ૪, ચેમ્બુર (વે),
મુંબઇ- ૪૦૦ ૦૮૯. મો.: **9579787800**

૪. **લીના હિતેન લોડાયા**
ડી/૧૫, અનંતછાયા, ૬૦ ફિટ રોડ,
ઘાટકોપર (ઇ), મુંબઇ
મો.: **9769411010 / 8080397440**

૫. **પૂજા નિતીન લોડાયા**
સી/૪૦૨, અનંતનાથ કોમ્પલેક્ષ,
ડબ્બા ફેક્ટરીની બાજુમાં, કાંજુરમાર્ગ (વે),
મુંબઇ. મો.: **8286361451**

૬. **નિલીમા દીપક લોડાયા**
એ/૩૧૧, અનંતનાથજી કોમ્પલેક્ષ,
નહેરુ નગર, કાંજુરમાર્ગ (ઇ),
મો.: **9221784734**

૭. **તેજસ મહેન્દ્ર ખોના**
વી.એલ.વી.જી. હોસ્ટેલ, અનંતસિધ્ધી,
ભાંડુપ (વે). મુંબઇ ૭૮ મો.: **8767255622**

૮. **મોનિકા ગિરીશ નાગડા**
એ/૪૦૨, અનસુયા, જીવરાજ ભાણજી હોલની
બાજુમાં, અશોક નગર, મુલુંડ (વે), મુંબઇ ૮૦
મો.: **9833848403**

૯. **ભક્તિ જયેશ દંડ**
૬૦૩, ચેરીઅટ સોસાયટી, નવઘર રોડ,
સાંઇ કોમ્પલેક્ષની બાજુમાં, મુલુંડ (ઇ),
મુંબઇ ૮૧. મો.: **9664346894**

૧૦. **નેહલ વિકમશી**
એ/૬, ગિરીરાજ બ્રિજવાસી ભુવન,
વાલજી લધા રોડ, હીરામોંઘી હોસ્પીટલની
સામે,મુલુંડ (વે), મુંબઇ ૮૦.

૧૧. **ચૈતાલી નિર્મલ દંડ**
રૂમ નં. ૮, નીતા અપાર્ટમેન્ટ, વર્ધમાન નગર,
ગેટ નં ૨ની સામે, ભક્તિમાર્ગ, મુલુંડ (વે), મું.
મો.: **9029090562 / 8767570554**

૧૨. **ઉર્વી નિરેન લોડાયા**
રૂમ નં. ૭, ૪થો માળે,
સાઇકૃપા અપાર્ટમેન્ટ, (બીડવઇ હાઉસ),
યોગેશ ડેઅરીની બાજુમાં, ચરઇ નાકા,
ઇડલજી રોડ, થાણા (વેસ્ટ)
મો.: **9757422880**

૧૩. **તેજલ ખીરેશ ધ્રોળ**
એ/૪, નવચેતન કો.ઓ.હા. સોસાયટી,
તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી (ઇ)
મો.: **9664157745**

૧૪. **ધર્મિતા કિરીટ લોડાયા**
સી/૨, અંબિકા નગર, પંચાયત બાવડી,
સારસ્વત કોલોની, છેડા રોડ, ડોંબિવલી(ઇ)
મો.: **9819462131**

૧૫. **ડીંપલ તનસુખ છેડા**
રૂમ નં. ૨૧, બીજે માળે, પાટીલ નિવાસ,
શાસ્ત્રી નગર, કોપર ક્રોસ રોડ,
ડોંબિવલી (વે)
મો.: **9819361185**

૧૬. **નીલીમા અશોક મુનવર**
ડી-૧૩, સલસનગર,
આધારવાડી, જેલ રોડ,
F-C 1 ગોડાઉન, કલ્યાણ (વે)
મો.: **9930261359**

૧૨. **નિલેશ ઉત્તમચંદ લોડાયા**
૧૯/૯, આઝાદ નગર,
આર એ કીડવાઇ રોડ, વડાલા (વે)
મો.: **984362341**

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 22 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જ્ઞાતિની સંસ્થાઓના વહિવટ પર પ્રશ્નાર્થ !

પ્રકાશના તંત્રીશ્રીએ ૧૨ મે ૨૦૧૩ ના અંકમાં ટ્રસ્ટની મિલ્કતોના વહિવટનું જે ચિત્ર રજૂ કરેલ છે તે ખરેખર વિચારપ્રેરક છે. સર્વોપરી હોવાની વિચારસરણી ફક્ત અનંતનાથજી દેરાસરજીના ટ્રસ્ટીઓની જ નહીં, પરંતુ જ્ઞાતિની લગભગ સર્વે સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને અધિકારીઓની છે, ભલે તેઓ ચૂંટાયેલા હોય કે નીમાયલા.

અમારી કાર્યવાહી જાણવાનો કે તેના બારામાં કંઇ પણ પ્રશ્ન કરવાનો કોઇને પણ અધિકાર નથી. વિવિધ સંસ્થાઓની આ પ્રકારની કાર્યપદ્ધતિ ખરેખર ગ્લાનિ ઉપજાવે છે. વાત અનંતનાથજી ટ્રસ્ટની હોય કે પાઠશાળાની, વિદ્યાર્થીગૃહની કે નલીયા બાલાશ્રમની... થોડાક અપવાદો સિવાય, જ્ઞાતિપત્રોમાં રંગીન ફોટા છપાવનાર સંસ્થાઓ, જ્ઞાતિજનો અને પોતાના સભ્યોની જાણ ખાતર પોતાના હિસાબો, ભલે ટૂંકમાં પણ, બહાર પાડતા નથી. ત્યાં પ્રકાશ સમીક્ષા ના માનનીય તંત્રીશ્રી સંસ્થાઓના બજેટની અપેક્ષા કરી રહ્યા છે! રંગીન ફોટાઓ ભલે છપાવો, પણ સાથે સાથે સંસ્થાના હિસાબો પણ બહાર પાડો.

ખેર, અનંતછાયાની બાબત ચકડોળે ચડી છે અને હાઇકોર્ટના નિર્ણયની રાહ જોવાય છે, તેથી તે સબજુડીસ હોવાથી તેનું વિવરણ અસ્થાને છે.

ટ્રસ્ટના મકાનોનું વિશ્લેષણ અને વિવરણ તંત્રીશ્રીએ સવિસ્તાર કરેલ છે. શું અનંતસિદ્ધિ મિલ્કતના વહિવટી હક્ક સાથે તે મિલ્કતનો ઘડો-લાડવો થઇ જશે ? ભાંડુપ ખાતેનું દેરાસર પણ ઇતર જૈનો અને બીજાઓની વસ્તીમાં અટુલું પડી જશે ?

... અને હોપ ૧૦૦૦ માટે પણ કેટલી હોપ રાખી શકાય ? આ સંસ્થાનું કાયદેસર સ્વરૂપ શું છે ? પ્રાઇવેટ કંપની કે ચેરિટેબલ ટ્રસ્ટ ? ૨૦ વર્ષો બાદ પણ તેના અધિકારી શું કરવું તે નક્કી કરી શક્યા નથી. જ્ઞાતિજનો અને જ્ઞાતિ સંસ્થા માટે ત્યાં બાંધકામ થવા દેવું કે નહીં તે તેમની મુનસુફીનો પ્રશ્ન છે. સાંભળ્યા પ્રમાણે એના અધિકારીઓમાં પણ અંદરોઅંદર મતમતાંતર છે. શું જ્ઞાતિ હિત માટે એનો ઉપયોગ શો ? જ્યારે હોપ ૧૦૦૦ ની સ્કીમ જ્ઞાતિ સમક્ષ મૂકવામાં આવી ત્યારે ઘણા આંબા - પિપળા બતાડવામાં આવેલ અને જ્ઞાતિજનોએ એમાં રોકાણ કરેલ. સર્વેનું રોકાણ સ્થગિત થઇ ગયું છે. એમને પૈસા પાછા આપી દેવાની વાતો થાય છે, પણ પ્લોટ ધારકોને એલોટમેન્ટ થયેલ જમીન આપવાને બદલે કે તેની બજાર કિંમત આપવાને બદલે માત્ર પૈસા પાછા આપી દેવાથી પ્રકરણ પુરું કરી શકાશે ?

આ અને આવા અનેક પ્રશ્નો જ્ઞાતિમાં શંકા-કુશંકાઓ સર્જી રહ્યા છે. આપણે સૌ નિષ્પક્ષ અને પૂર્વગ્રહ રહિત બનીને તેમનો સામનો કરવાની નૈતીક હિમ્મત દાખવીએ.

- **પ્રવીણ ખોના**

# અહિંસાનો મહાયજ્ઞ

દુષ્કાળગ્રસ્ત અબડાસા લખપત તાલુકાના
નારાયણ સરોવર વિસ્તારના માલધારીઓના


## ૫૦૦૦ જીવો માટે

## અબડાસા ગૌશાળા ટ્રસ્ટ દ્વારા

## ૫ જેટલા કેટલ કેમ્પ શરૂ થઈ ચૂક્યા છે.

હજી બીજા ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલા જીવોને
બચાવવા ૩ થી ૪ જેટલા કેટલ કેમ્પ કદાચ શરૂ થશે...
મોહનભાઈ મુરજી રાંભિયા - વિંઝાણવાળાને પશુઓ ઉપર એટલો પ્રેમ છે,
કે તેઓ જ્યાં જમવા તથા રહેવાના ઠેકાણા નથી અને
જ્યાં રોજ નવા પ્રશ્નો ઊભા થતા હોય ત્યાં જ રહીને

**૫ હજાર જીવોની સંભાળ લઈ રહ્યા છે.**



બીજાની સહાય લીધા વિના
પોતાનું જીવન પસાર કરી શકે
એવો એક પણ અમીર માણસ
જો આ જગતમાં નથી...

તો એવો એક પણ ગરીબ માણસ
આ જગતમાં નથી કે
બીજાને જીવન જીવાડવામાં
એ યત્કિંચિત પણ સહાય ન કરી શકે.

**સંદેશ સ્પષ્ટ છે...**

**સહાય લેવામાં અહંકારને વચ્ચે ન લાવો....**

**સહાય કરવામાં કૃપણતા અને કઠોરતાને વચ્ચે ન લાવો....**

**કચ્છની ધરતી ઉપર એક સાથે ૫૦૦૦ અબોલ જીવોને બોલતા રાખવાની સહાય કરવા વિનંતી.**

**"Abdasa Kuchchh Gaushala Trust"** ના નામે દાન મોકલશો. **(80G Available)**

**Abdasa Kuchchh Gaushala Trust**

**Vasant Shah -** 99208 25050 **Hitesh Mota** (Rapargadhwali) - **9821054249**

Nidhaan Buildcon P. Ltd., 301, Shree Padmini, Telly Gully Cross Rd.,Andheri (E), Mumbai - 69.

: સૌજન્ય :

**JASH MERCANTILE LLP - Ghatkopar (East)**

BINITA MARU : 98690 34162

# મરમના મલકમાં : તપ (ભાગ : ૧)

ધર્મનો અર્થ સમજવાની ઇચ્છા ધરાવનાર વ્યક્તિએ સૂક્ષ્મબુદ્ધિથી (અનેકાંતદૃષ્ટિથી) ધર્મનો અર્થ સમજવો જોઇએ. જો ધર્મબુદ્ધિથી (સાંપ્રદાયિક માન્યતાઓથી) ધર્મનો અર્થ સમજવા પ્રયત્ન કરશો તો ધર્મની હાનિ થઇ એટલે કે ધર્મનો યોગ્ય અર્થ સમજાશે નહીં.

દોષવિનાશ અને ગુણવિકાસને લક્ષમાં રાખી, આત્મસાધનાને કેન્દ્રમાં રાખી તપ અંગેના મારા વિચારો અનેકાંતદૃષ્ટિકોણથી રજૂ કરું છું. આ બાબતોને કેન્દ્રમાં રાખી તપ અંગેના ઉદ્દભવેલા તારણો આપણી સાંપ્રદાયિક માન્યતાઓથી જુદાં હોય, કદાચ કોઇની લાગણી દુભાય તો આગોતરા ‘મિચ્છામી દુક્કડં’’ સ્વીકારશો.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ પહેલાં પણ આપણા દેશમાં તપનો મહિમા હતો, એના પુરાવાઓ જૈન આગમો, બૌદ્ધપિટિકો અને વૈદિક પરંપરાના બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોમાં મળે છે. કોઇપણ કાર્યની સિદ્ધિ માટે તપને આવશ્યક મનાતું હતું.

વૈદિક પરંપરામાં સ્ત્રીઓ માટેનાં કેટલાંક તપ જુદાં છે, જેવાં કે વટસાવિત્રી. કન્યાઓ માટેનાં કેટલાંક તપ જુદાં છે કે જેવા મોળાકત. કેટલાંક તપ સ્ત્રી અને પુરુષ બંને માટે સાધારણ છે.

મજ્જિમનિકાય જેવા જૂના બૌદ્ધગ્રંથમાં અને ભગવતી સૂત્ર જેવા પ્રસિદ્ધ જૈન આગમમાં અનેક પ્રકારના તાપસોનાં, તેમના મઠોનાં અને તેમની વિવિધ પ્રણાલિઓનાં આકર્ષક વર્ણનો જોવા મળે છે.

પંડિત સુખલાલજી કહે છે કે બીજી કોઇપણ બાબતમાં જૈનો કદાચ બીજાથી પાછળ રહે પણ જો તપની પરીક્ષા, ખાસ કરીને ઉપવાસની અને આયંબિલની પરીક્ષા લેવામાં આવે તો કદાચ આખી દુનિયામાં પહેલે નંબરે જૈન સ્ત્રીઓ આવવાની જ.

શાસ્ત્રો કહે છે તપથી કર્મની નિર્જરા (નાશ) થાય છે. કર્મની નિર્જરાને કારણે પ્રેમ, શાંતિ, આનંદ, કરુણા જેવા ગુણો પ્રગટવા જોઇએ. સાંપ્રદાયિક તપ કરવાને કારણે શું આવા ગુણો પ્રગટે છે ખરા ?

એક સ્ટીલના ગ્લાસમાં પાણી ભરી ખુલ્લામાં રાખો. ગ્લાસમાં બરફના બે ટુકડા નાખો. ગ્લાસમાંના પાણીની સપાટી ઊંચી આવશે અને ગ્લાસની બહારની બાજુએ ગ્લાસ ઉપર પાણીનાં બિંદુ પ્રગટશે. ગ્લાસમાં જો પથ્થરના બે ટુકડા નાખશો તો ગ્લાસમાંના પાણીની સપાટી ઊંચી આવશે, પણ ગ્લાસની બહારની બાજુએ ગ્લાસ ઉપર પાણીનાં બિંદુ પ્રગટશે નહીં. પાણીથી ભરેલા ગ્લાસમાં બરફ નાખવો એ યોગ્ય તપ જેવું છે અને પાણીથી ભરેલા ગ્લાસમાં પથ્થર નાખવો એ તથાકથિત સાંપ્રયિક તપ જેવું છે. જો તપ યોગ્ય હોય તો તરત જેમ ગ્લાસની સપાટી ઉપર પાણીનાં બિંદુઓ પ્રગટે છે તેમ આપણા જીવનમાં સદગુણો પ્રગટવા જોઇએ !

પંડિત સુખલાલજી કહે છે - ‘‘આજે આપણા સમાજમાં વાસ્તવિકતા શું છે ?

૧. સાસુ, નણંદ કે પતિ સાથે ઝઘડનાર વહુ, વહુ સાથે ઝઘડનાર સાસુ કે જુઠું બોલનાર અપ્રામાણિક વ્યાપારી પણ ઘણીવાર કઠણ સાંપ્રદાયિક તપ આચરે છે.

૨. ઘણીવાર નેક નીતિથી સાદું અને તદન પ્રામાણિક જીવન જીવનાર ઘણા એવા મળી આવે છે કે જે ખાસ સાંપ્રદાયિક તપ કરતા નથી.

૩. ઘણીવાર એવા પણ મળી આવે છે કે


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન


અમારી ''મા'' તીર્થસ્વરૂપ આત્મ પ્રતિ નત મસ્તકે વંદન

# "પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ"



જન્મ
તા.: ૩૦-૧૦-૧૯૩૫

સ્વર્ગવાસ
તા. : ૨૮-૦૫-૨૦૧૨

## સ્વ. જયવંતીબેન ચીમનલાલ દામજી મોતા

ગામ કચ્છ રયધણજર હાલ - મુંબઇ-દહીસર

પલે પલે યાદ કરતાં આપ હતા ત્યારે
પલે પલે ખાલીપણું અનુભવીએ છીએ
આપ નથી ત્યારે....

પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે...
એજ અશ્રુભીની શ્રદ્ધાંજલિ સહ પ્રાર્થના !..

**આપના સ્મૃતિદિપને પ્રજ્વલિત રાખનાર :**

પતિ : ચીમનલાલ દામજી મોતા
પુત્રવધુ-પુત્ર : સૌ શોભા નીરેન મોતા
પૌત્ર : ચિ. ધાર્મિક નીરેન મોતા
દીકરી-જમાઇ : સૌ. પ્રજ્ઞા વિજય ધુલ્લા - કચ્છ-સુથરી
સાસરા : શા. દામજી નેણશી મોતા કાથાવાલા પરિવાર, કચ્છ રાયધણજર
પિયર : શા. વેલજી દામજી મોમાયા પરિવાર - કચ્છ -સાંયરા

જેમનું જીવન સરળ અને ઈમાનદારીપૂર્વકનું હોય, સાંપ્રદાયિક તપ પણ ખૂબ કરતા હોય છતાં તેમનામાં ઊંડી વિચારશક્તિ કે સમજણની કે જ્ઞાનની આભા દેખાતી ન હોય.

જૈન સમાજમાં જોઇએ તો પહેલા કરતાં હમણાં તપ કરવાની વિવિધ સગવડો વધતી જાય છે. બીજી બાજુ લગ્નજીવન, કુટુંબજીવન અને સામાજિક જીવનમાં ક્લેશકંકાસ અને વિખવાદના કાંટા વધારે ને વધારે ફેલાતા જાય છે.

પ્રશ્ન થાય છે કે સમાજે તપ દ્વારા શું મેળવ્યું છે? શું બીજા સમાજો કરતાં ક્લેશ શાંતિમાં જ્ઞાનની બાબતમાં શોધખોળ કે ચિંતનમાં આપણો સમાજ ચઢિયાતો છે? જવાબ છે - ના. એનું કારણ એ નથી કે આપણે ત્યાં તપ વધ્યું છે, એટલે કંકાસ વધ્યો છે. એનું કારણ એ છે કે આપણે તપનો ઉપયોગ કરવાની ચાવી જ ફેંકી દીધી છે. આજે આપણે ત્યાં પર્યુષણપર્વ દરમિયાન ઉપવાસો, અઠ્ઠાઈ અને માસક્ષમણ વધતા જાય છે. શું આ ભગવાન મહાવીરે દર્શાવેલું તપ છે?

આપણી પાસે ગાડી છે, ગાડીમાં પુરતું પેટ્રોલ ભરેલું છે. આપણે ગાડીમાં બેસી ગાડી ચાલુ કરીએ છીએ પણ ગાડીમાં ગિયર નથી એટલે ગાડીને ગતિ મળતી નથી. બસ આપણી સ્થિતિ આવી જ છે. આપણી પાસે બાહ્યમાળખું બધું જ છે પણ મુખ્ય અંગ-ગિયર નથી એટલે કે આપણને તપના રહસ્યની ખબર નથી. પરિણામે, આપણને તપ દ્વારા ઉર્ધ્વગતિ પ્રાપ્ત થતી નથી.

આપણે ઉપવાસ કરીએ, અઠ્ઠાઈ કરીએ, માસક્ષમણ કરીએ કે વરસીતપ કરીએ સાથે સાંસારિક પ્રવૃત્તિઓ પણ કરીએ અને કહીએ કે અમે કર્મની નિર્જરા કરીએ છીએ. આપણે જરૂર વિચારવું જોઇએ.

- ક્રમશઃ

**- સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**
**- સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


## શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન

**સાયંરા નગરે ચાર્તુમાસના વધામણાં**
**સાંયરા વાસીઓના હૈયા હરખાણાં**

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતી આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી વર્તમાન અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞાથી અને સાહિત્યરત્ન દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસગાર સૂરીશ્વરજી મ.સા. ના શુભાશિષથી સાંયરા મહાજનની વિનંતી ને માન આપી પ.પૂ. સા. શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. સી.શ્રી કોમલગિરાશ્રીજી મ.સા. આદિ (થાણા-૨)નું ચાર્તુમાસ પ્રાપ્ત થયેલ છે. જેથી સમગ્ર સાંયરાવાસીઓમાં આનંદની લહેર પ્રસરી છે. સૌના હૈયા હિલોળે ચડ્યા છે. મન મયુર નાચી ઉઠ્યા છે.

પૂજ્ય શ્રીઓના મંગલ પ્રવેશ **આષાઢ સુદ – ૧૧, શુક્રવાર તા. ૧૯–૭–૨૦૧૩**
**સવારના ૭.૩૦ કલાકે** સુલુણી પ્રભાતે નિર્ધારિત થયેલ છે.

**આ મંગલમય પ્રવેશના અવસરે બહોળી સંખ્યામાં પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે.**

**સાંયરા ચાર્તુમાસ કમિટી**

**શ્રી. ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન**

## શ્રી મોટી ખાવડી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન સંચાલિત
## શ્રી. જૈન શ્વેતાંબર મૂ.પૂ. સંઘ, મોટી ખાવડી અંતર્ગત
## શ્રી મોટી ખાવડી હિતવર્ધક મંડળ, મુંબઈ

**જાહેર નોંધ : ચાતુર્માસ આયોજન સભા**

**તા. ૦૨-૦૬-૨૦૧૩ ના રવિવાર સમય : બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાકે**

**સ્થળ :** બિ.નં. ૧૭૭, રૂમ નં. ૪૯૦૪, હેપી હોમ કો-હા. સોસાયટી, ૨જે માળે, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ)

શ્રી સંઘના ઉત્તમ પૂણ્યના બળે અને પૂ. ગુરૂદેવની પ્રબળ ભાવનાથી પ.પૂ. આચાર્યશ્રીએ આપણા ગુરૂદેવ પ.પૂ. સાધ્વી શ્રી મહોદયશ્રીજી મહારાજ સાહેબ આદિ ઠાણાનું ચાતુર્માસ શ્રી મોટી ખાવડી જૈન સંઘને ફાળવેલ છે. પૂ. ગુરૂદેવશ્રીનો પ્રવેશ તા. ૧૪-૦૭-૨૦૧૩ ના દિવસે મોટી ખાવડી મુકામે છે. સંપૂર્ણ ચાતુર્માસના દરેક આયોજનને પહોંચી વળવા માટે ઉપરોક્ત દિવસે સભામાં વડિલો, ભાઈઓ, બહેનો તેમજ યુવાધન હાજર રહી આપના મંતવ્ય આપશો જેનાથી શ્રેષ્ઠ આયોજન કરી શકાય અને આનંદભેર ચાતુર્માસની ઉજવણી કરીને જપ-તપ, આરાધના કરી કરાવીને પૂણ્યનું ભાથું બાંધીએ.

આપ સહુની હાજરી ખૂબજ જરૂરી છે. આપણે સહુ સાથે મળીને આ ભગીરથ કાર્યને હંમેશની જેમ સફળ બનાવીએ.

લિ. : **શ્રી. જૈન શ્વેતાંબર મૂ.પૂ. સંઘ, મોટી ખાવડી • શ્રી મોટી ખાવડી હિતવર્ધક મંડળ, મુંબઈ**

ટ્રસ્ટી શ્રીઓ તેમજ કારોબારી સમિતીના સભ્યો

**નોંધ :** સમયના અભાવે વ્યક્તિગત પરિપત્ર પાઠવેલ નથી આ જાહેરાતને પરિપત્ર સમજીને સર્વે ગામવાસિઓ મિટીંગમાં પધારશો.


## અભિનંદન

**કુ.નિરલ રમેશ મૈશેરી,** ને...
એડવાન્સ ચોકલેટ,
કેક, ડીઝાઈનર મિણબત્તી, મુખવાસ પાન
મસાલા, ડીઝાઈનર અરોમા-થેરપી સાબુ,
જેવા બહેનો ને ઉપયોગી ગૃહ ઉધોગો એક
દિવસમાં શીખવા માટે ખાસ વર્કશોપ શરુ કરવા
બદલ શુભેચ્છા.
Good Luck, Best wishes.

**લિ. માતુશ્રી જમકુબેન શીવજી મૈશેરી**
(કુઆપધર - મુલુંડ, મુંબઈ)


ઓફીસ: નિરલ બિઝનેશ ઈન્સ્ટિટ્યૂટ, ૨૩૦ ગાલા કૉમ્પલેક્ષ, ડંપીંગ રોડ, ગાલા ઈન્ડસ્ટ્રી, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.
ફોન: ૦૨૨ - ૨૫૬૪૧૪૨૮ / ૨૫૯૨૩૬૫૭
૯૮૩૩૭૪૪૯૭૬ / ૯૮૧૯૪૨૩૦૦૧.

www.niralbi.com & www.candlemould.com
Manufacturer & Exporter of
Wax Candle Making Moulds.

રહેઠાણ: અ-૭૨૨, અનંત રીજન્સી, ૭મે માળે, એ-વીંગ, મદન મોહન માલવીયા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.
ફોન:૨૫૬૯૫૧૩૨ / ૦-૯૨૨૦૫૫૮૯૩૪ સૌ. તરલા ર. મૈશેરી


## પ્રથમ પુણ્યતિથીએ ભાવભિની શ્રદ્ધાંજલી...

જન્મ :
તા. ૪-૬-૧૯૯૫



અરિહંત શરણ :
તા. ૨-૬-૨૦૧૨

**સ્વ. ડોલર મુરજી લક્ષ્મીચંદ છેડા**

(સુથરી-વર્ધમાન નગર-ભુજોડી)

આશા અને અરમાનોની અધવચ્ચેથી તારી વસમી વિદાય, કુટુંબ માટે વજ્રઘાત બની રહી છે. તારો સ્નેહભાવ, મિલનસાર સ્વભાવ પરિવાર માટે સમર્પિત ભાવ અને ધર્મપારાયણતાની સાથે જીવનને અજવાળ્યું એવા પરમ આત્માને પરમ પદની પ્રાપ્તિ હોજો એજ પ્રભુને પ્રાર્થના....

-: શોકાતુર :-
દાદાણા : સ્વ. ચંદનબેન લક્ષ્મીચંદ પત્રામલ છેડા પરિવાર (સુથરી)
શા. દામજી પત્રામલ છેડા પરિવાર
નાનાણાં : ગં. સ્વ. જવેરબેન નરશી રતનશી મોતા પરિવાર (લાલા)

# જીવન કે નવજીવન તમારા હાથમાં....

પુર્વી મુકેશ માણેકજી લોડાયા
(સાંયરા-વડોદરા) - ૯૪૨૬૪૦૩૩૩૭

રોજીંદા જીવનમાં દૈનિક દિનચર્યા એ એક રૂટીન કાર્યશૈલી બધા માટે એક સરખી ઘડવામાં આવી છે. મારા જીવનમાં પણ બાળપણ તોફાન સ્કુલ સમયના બહાના, યુવાનની ચંચળતા, નવી નવી જાણકારી મેળવવાની જીજ્ઞાશા, સતત આગળ વધવાની ખેવના અને સલામત જીવનસફરના ધ્યેય સાથે હસ્તકલા વ્યવસાયમાં પારંગત બની સમય જતા પિતાના ઘરેથી વિદાય લઇ આદર્શ ગૃહણી બની.

લવ મેરેજ હોવાના કારણે પતિગૃહે પહેલેથી આવન જાવન હોવેથી કોઇ નવો માહોલ કે નવા સંબંધ કે નવા રીત રીવાજો થકી કોઇ પણ તકલીફ વગર ગાડી સરળતા પુર્વક ચાલવા લાગી. જેમ શરૂઆતમાં કહ્યું તે પ્રમાણે રોજની રૂટીન કાર્યશૈલી સવારમાં ચા-નાસ્તો, સ્નાન, ટીફીન, ઓફીસ, પોતાનો વ્યવસાય હોવાના કારણે અમે પતિ-પત્ની લગભગ ૨૪માંથી ૨૦ કલાક સાથે ને સાથે જ રહેતા સાંજે રસોડુ તથા એકાદ ટીવી સીરીયલ જોઇને દિવસ પુરો.

તમને થશે કે આવું તો બધાની સાથે હોય તેમાં નવાઇ શી કે લેખ લખવાના અભરખા જાગ્યા. મારી નણંદના પુત્રના સગપણ નક્કી કરવાના હતા અને અમે મુંબઇ જવાના હતા, તેના એક દિવસ આગાઉ ૧૭ ફેબ્રુઆરી ૨૦૦૮ શારીરિક થાક અને માનસિક ચીડચીડામણનો પ્રથમ અનુભવ અને દુરંદેશી સ્વભાવના મારા પતી મને ફેમીલી ડૉક્ટર પાસે લઇ ગયા. તેમણે સીબીસી, પ્લેટલેટનો રીપોર્ટ કઢાવવાની સલાહ આપી તેજ દિવસે લેબમાં જઇ રિપોર્ટ લઇ આવ્યા. અને રાત્રે જ ફીઝીસીયન ડૉક્ટરને રીપોર્ટ બતાવ્યા. ડૉક્ટરે મને વજન ચેક કરવાના બહાને બહાર મોકલી અને મારા પતીને જણાવ્યું તમારી પત્નીને બ્લડ કેન્સર હોવાના ચિન્હો જણાય છે. આટલો મોટો વ્રજઘાત તેમણે એકલા હાથે પચાવી લીધો, મને કે ઘરમાં કોઇને પણ કશી વાત ન કરતાં ફક્ત અશક્તિ છે ટોનીક લેવાથી બધું બરાબર થશે એમ જણાવી મને ઘરપત આપી.

બીજા દિવસે સાસુ-સસરાને બેનના ઘરે પ્રસંગ સાચવવા મોકલી. મુંબઇની ટ્રેનમાં બેસાડી મને ગોરજ લઇ ગયા અને એમ જણાવ્યું કે થોડા રૂટીન ચેક કરાવવાના છે. ત્યા બ્લડ ચેકઅપ રીપોર્ટ કઢાવ્યા. ડૉક્ટરોએ સીએમએલ બ્લડ કેન્સર હોવાનું જણાવ્યું પણ સ્ટેજ જાણવા બોનમેરો રીપોર્ટ કરાવવો પડશે તેમ જણાવ્યું અને તરત બોનમેરો માટે ઓપરેશન હવે તેનો રીપોર્ટ ૫ દિવસ બાદ મળવાનો હતો ત્યારબાદ જ યોગ્ય ટ્રીટમેન્ટ શરૂ થાય તેમ હતી. તે દરમિયાન કોઇને પણ કીધા વગર એકલે હાથે મારા પતિએ હિંમતપુવર્ક સંજોગોને ટેકલ કર્યા, વડોદરા પરત આવી મને હોસ્પીટલમાં દાખલ કરી, મને બ્લાસ્ટના એટેક આવવાના શરૂ થઇ ગયા, જાણે ખેંચ આવતી હોય તેમ આખા શરીરમાં કાંટા વાગતા હોય અને હાથ પગ અકડ થઇ જતા, માત્ર ૪ દિવસમાં તો જાણે આખી દુનિયા બદલાઇ ગઇ, મેં યાદશક્તિ સંપૂર્ણપણે ગુમાવી દીધી. પણ કુદરત જ્યાં બધા રસ્તા બંધ થાય ત્યાં ક્યાંક આશાની બારી રાખે છે. એક માત્ર મારા પતિને જ હું ઓળખતી હતી અને પળવાર મારા નજરમાં ન આવે તો હું પાગલની જેમ રડતી કે મને છોડીને કેમ ગયા.... ?

પાંચમા દિવસે મારા સાસુ-સસરા તથા અન્ય સગા મુંબઇથી આવ્યા ત્યારે મારા પતિએ તેમને હકીકત જણાવી. ત્યાં સુધી એકલે હાથે લડી મને નવજીવન આપ્યું. છઠ્ઠા દિવસે બોનમેરો ફાયનલ રીપોર્ટ બતાવ્યો અને પ્રથમ સ્ટેજ હોવાથી કેન્સરની સારવાર તે પ્રમાણે શરૂ કરી ૧૦માં દિવસે ડૉક્ટરોએ રાહતના સમાચાર આપ્યા ત્યારબાદ મને જાણ કરવામાં આવી કે મને બ્લડ કેન્સરની બીમારી છે.

મારા સસરા છેલ્લા ૩૦ વર્ષથી નિવૃત છે અને અમે મધ્યમ વર્ગના હોવાથી આર્થિક સ્થિતી એટલી સારી નહોતી છતાં મારા પતિએ કોઇની સામે પણ હાથ લંબાવ્યો નહી, પોતાના બધા શેર તાત્કાલિક વેચી દીધા, બેન્ક એફડી તોડાવી લીધી. તથા ઓફીસ-મકાનના પેપર પણ જરૂર પડે તો વેચવા માટે તૈયાર રાખ્યા અને કોઇ પણ સંજોગોમાં હિંમત હાર્યા વગર તેમનું બધુંજ દાવ પર લગાવી દીધું, સતત ૩ મહિના સુધી મારી સેવામાં રહ્યા. ઓફીસ તો સદંતર બંધ છતાં તેમના મુખ પર વ્યથા-કંટાળો કે ભય દેખાતો નહોતો અને આના કારણે જ મને જીવવાની નવી હુંફ મળી.

મારા પતિ યુવક મંડળના પ્રમુખ, સમાજની કારોબારીમાં ટ્રસ્ટી, પશ્ચિમ એકમના સેક્રેટરી, તથા મધ્ય ગુજરાત વેપાર ઉદ્યોગ મંડળના કારોબારી સભ્ય હોવાના નાતે સમાજસેવા સાથે સંકળાયેલા હતા. આ તમામ હોદ્દા પરથી પણ રાજીનામા લખી આપ્યા ત્યારે યુવક મંડળના સભ્યાએ પ્રતિષ્ઠા મહોત્સવ તો તમારા માર્ગદર્શન હેઠળ જ થશે એમ કહી રાજીનામાંનો અસ્વીકાર કર્યો તેજ પ્રમાણે ઓલ ઓવર ઇન્ડીયા લેવલે યુવાટેલેન્ટ-૨૦૧૦ માટે એકમના પ્રમુખશ્રીએ પણ તેમના રાજીનામાનો અસ્વીકાર ર્ક્યો અને મધ્ય ગુજરાત વેપાર ઉદ્યોગ મંડળના તમામ કારોબારી સભ્યોએ પણ તેમના રાજીનામાનો અસ્વીકાર ર્ક્યો અને તેમણે કરેલ અત્યાર સુધીના કાર્યોને જાણે બમણો વેગ મળ્યો. તેમણે ઘર, ઓફીસ, અને સમાજસેવા દરેક ક્ષેત્રને સરખો ન્યાય આપ્યો અને અતિ વિષમ પરિસ્થિતિને પણ સરળ બનાવી દીધી.

મારા વૃદ્ધ સસરાની કાયમ ભીંજાયેલ પાંપણો, સાસુ પણ રોજ જવારનો રસ, વેજીટેબલ સુપ, બદામનો શીરો, દાડમનો જ્યુસ, સમયસર બનાવતા અને ઉવ્વસગરંના જાપનું પાણી, મહિલા મંડળ દ્વારા વેદનીય કર્મની પૂજા, શ્રી વાસુપુજ્ય પ્રભુજીની દિવ્ય કૃપા અને મ.સા.ના વાસક્ષેપ, અને ધર્મશરણ ગોરજ કેન્સર રીસર્ચ એન્ડ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલના સથવારે આજે મને નવચેતના મળી છે.

૧૭ ફેબ્રુઆરી ૨૦૦૮થી ૨૦૧૩, ફરીથી એજ જેમ શરૂઆતમાં કહ્યું તે પ્રમાણે રોજની રૂટીન કાર્યશૈલી સવારમાં ચા-નાસ્તો, સ્નાન, ટીફીન, ઓફીસ, પોતાનો વ્યવસાય

હોવાના કારણે અમે પતિ-પત્ની લગભગ ૨૪માંથી ૨૦ કલાક સાથેને સાથે જ રહેતા. અરે ના ના અહીં તો સવારે યોગા-જવારા-વેજીટેબલ સુપ અમારા નવા સાથીદાર બન્યા. દર મહિને રેગ્યુલર ચેકઅપ તથા દવા લેવા માટે ગોરજ જવું અને ઓફીસના કામકાજ ઘટાડી સમય ફાળવીને અમે સહજ જીવન સલાહ કેન્દ્રની શરૂઆત કરી, અમે આ રોગની માહિતી સારવારની વિગતો સમજાવવા લાગ્યા અને અમને વડોદરાની સાથે સાથે રતલામ, દાહોદ, ઇન્દોર, મદ્રાસ, હૈદરાબાદ, સાંગલી વિવિધ સ્થળેથી ફોન પર પણ લોકોએ પોતાના સ્વજનને થયેલ રોગ વિષે માહિતી આપી સલાહ લેતા.

ખરેખર કેન્સર એક અભિશાપ તરીકે નહીં પણ જાણે લોકસેવાર્થે જનહીતના કાર્યો કરાવવા માટે આર્શીવાદરૂપે અમને એક સમાજસેવાનો નવો રાહ બતાવી ગયો. વડોદરાથી ૪૫ કિમી. અંતરે વાઘોડીયા તાલુકામાં આવેલ ગોરજ મુનિ સેવાશ્રમમાં વિશ્વની અત્યંત આધુનિક ટેક્નોલોજી વડે કેન્સર રીસર્ચ એન્ડ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલમાં દરેક રોગની સારવાર આપવામાં આવે છે. ત્યા મંદ બુદ્ધીના બાળકો, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, અતિથિ ભવન, ભોજનાલય વગેરે દરેક સગવડ ઉપલબ્ધ છે. તથા વડોદરા સયાજીગંજથી સવારે ૮.૩૦, બપોરના ૨.૧૦, તથા સાંજના ૭.૧૦ કલાકે હોસ્પિટલની બસ સેવાની વ્યવસ્થા પણ છે.

અંતમાં બસ એટલું જ કહેવું છે કે, દરેક વ્યક્તિ જાણે દુનિયામાં સૌથી વધારે દુઃખી હોવાની કે નિસહાય હોવાની વાત કરે છે, ત્યારે 'મન ચંગા તો કથરોરીમે ગંગા' અને જબ હો અપનોંકા સાથ તો ભગવાનકો ભી ઝુકના પડતા હૈ. જરૂર છે માત્ર વિશ્વાસ અને ભરોસાની સાથે ઇમાનદારીની.

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

## સંચાલિત - "જીવન-સંધ્યા"

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

## તા. ૧-૧-૨૦૧૩ થી ૩૦-૪-૨૦૧૩ સુધી આવેલ ફાળાઓ

### નિભાવ ફંડ

- ૭૨૦૦/- શ્રી મયંક ગોવિંદજી મોમાયા, નલીયા (મુંબઈ) વાર્ષિક લવાજમ
- ૭૨૦૦/- શ્રી મણીલાલ ઠાકરશી ગોગરી, પત્રી (હુબલી) વાર્ષિક લવાજમ
- ૨૧૦૦/- શ્રી પાશવીર નેણશી દંડ, મંજલ (કલીકટ)હ. હીરજીભાઈ
- ૨૦૦૦/- શ્રી સ્વામીજી ગવી સિધ્ધેશ્વર મઠ, કોપલ

### મેડીકલ ટ્રીટમેંટ ફંડ - ૫૦૦૦/-

- માતુશ્રી પ્રેમાબેન રાયમલ નાગડા, નલીયા (ગદગ) હ. રોહિત કિશોર નાગડા

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯,૫૦૧/-

- શ્રીમતી પ્રેમીલાબેન મુલચંદ લખમશી લોડાયા, નલીયા (ખંડવા) હ. શ્રી વિનય દિનેશચંદ લખમશી લોડાયા (ખંડવા)
- શ્રી મુલજી લખમશી લોડાયા, નલીયા (ખંડવા) ની પુણ્ય સમૃતિમાં હ. સૌ. કાજલ, વિનય, જીજ્ઞેશ, વૈભવ લોડાયા (ખંડવા)

### કાયમી મિષ્ટાન્ન ભોજન - ૧૦,૦૦૧/-

- શ્રી લક્ષ્મીચંદ સી. શાહ (લુઠીયા) રાયધણજર (કલક્તા) લગ્નની વર્ષગાંઠ
- શ્રીમતિ ગુણવંતી એલ. શાહ (લુઠીયા) રાયધણજર (કલક્તા) જન્મ દિવસ
- સ્વ. શ્રીમતિ તારાબેન હીરાચંદ નાગડા, બાંઢીયા (ભાંડુપ) હ. લવકુમાર લાલકા,
- માતુશ્રી હીરાબાઈ નરશી ચત્રભુજ લોડાયા, વરાડીયા, હ. ચિ. પ્રિયકાન્ત નરશી

### કાયમી સવારનું સાદું ભોજન - ૭૫૦૧/-

- માતુશ્રી ચંપાબેન દેવજી પટેલ, સાંધાણ (બેંગ્લોર) હ. ગીતાબેન લહેરચંદ શાહ

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

- શ્રી યોગેન્દ્ર વેલજી પાલાણી, કોઠારા (બોરીવલી) (માર્ચ-૩)
- શ્રી યોગેન્દ્ર વેલજી પાલાણી, કોઠારા (બોરીવલી) (જુલાઈ-૨૮)
- શ્રી વીરચંદ પદમકુમાર લાલવાની, હૈદરાબાદ, ચિ. આદિત્ય ના જન્મ દિન.
- સ્વ.અ.સૌ. માધુરીબેન દિનેશચંદ લોડાયા નલીયા(ખંડવા)હ. શ્રી વિનય લોડાયા

### કાયમી સવારનો ચા- નાસ્તો - ૩૦૦૧/-

- માતુશ્રી પ્રેમીલાબેન જવેરચંદ ગાલા, રેલડીયા મંજલ (મુલુંડ) હ. મનીષાબેન ધમેન્દ્ર ગાલા – સ્વ. મધુરીબેન બાબુભાઈ લોડાયાની પુણ્ય સ્મૃતિ માં
- શ્રી સોમચંદ ધનજી મુનવર, જખૌ (બેલ્લારી)
- શ્રી મણીલાલ હંસરાજ મૈસેરી, સાંયરા (હુબલી) હ. કેતનભાઈ
- સ્વ.અ.સૌ. માધુરીબેન દિનેશચંદ લોડાયા નલીયા(ખંડવા)હ. શ્રી વિનય લોડાયા

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- શ્રી ગીરીશ જીવરાજ દેસાઈ, સાયરા (રાયચુર), ચિ. નીલ ના જન્મ દિવસ પ્રસંગે
- શ્રીમતિ દમયંતી ખેતશી વેરશી ધરમશી,જખૌ હુબલી
- શ્રીમતિ માલતીબેન હરીશ દામજી ધરમશી, જખૌ (નવી મુંબઈ)
- માતુશ્રી હીરબાઈ લક્ષ્મીચંદ લાલજી લોડાયા, કોઠારા (ગદગ) હ. શ્રીમતિ ગીતાબેન લહેરચંદ શાહ, બેંગલોર
- શ્રી કસ્તુરી યાત્રા સંઘ, ધુલીયા હ. જયચંદ ગૌવિંદજી દંડ, છાદુરા (ધુલીયા)
- સ્વ.અ.સૌ. માધુરીબેન દિનેશચંદ લોડાયા નલીયા(ખંડવા)હ. શ્રી વિનય લોડાયા

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૦૦૧/-

- સ્વ. મધુરીબેન બાબુભાઈ લોડાયા મંજલ (મુલુંડ) હ. મનીષાબેન ધમેન્દ્ર ગાલા
- શ્રી હિતેન કાન્તીલાલ શાહ (ગાલા) દેસલપુર (મુંબઈ) હ. શર્મિલા, દ્રષ્ટિ
- સ્વ. ધરણેન્દ્ર રમેશ લોડાયા, હ. શ્રીમતી રાખી વિક્રમ મોમાયા, સાંયરા (ચુનાભઠ્ઠી)
- શ્રી પણેશ જી. જોષી, ગદગ (સ્વ. શ્રી ભીમસેન જોષીના કુટુંબીજનો)
- શ્રી ગોવિંદજી રાઘવજી મોમાયા, વરાડીયા (તીરૂપુર)
- અ.સૌ. મીનાબેન ગુલાબચંદ પદમશી મોતા (હૈદરાબાદ) હ. સૌ.મીનલ મેહુલ
- શ્રી લાલજી માણેકજી લોડાયા, કોઠારા (ગદગ) ૮૭ મા જન્મ દિવસ પ્રસંગે
- શ્રીમતિ ઉષાબેન સીંગાલા, હુબલી (નિર્મલ ઓટો સેન્ટર) હ. શ્રીમતિ વીણાબેન ગોપાલભાઈ (ગદગ)
- શ્રી વેલજી આણંદજી દામજી નાગડા, તેરા (નાંદેડ) હ. ચંદનબેન હીરાચંદ નાગડા
- ચિ. રોહિત કીશોર રાયમલ નાગડા, નલીયા (ગદગ) જન્મ દિવસ પ્રસંગે
- શ્રીમતિ ગુણવંતીબેન સુંદરજી ગોસર, શેરડી (ગદગ)
- માતુશ્રી તુલસીબાઈ અને પન્કુબાઈ (પુના) હ. કે. ડી. શાહ (ગદગ)
- શ્રીમતિ ગીતાબેન શશીકાન્ત ગાલા (મુંબઈ) સ્વ. ગુણવંતીબેન ગોસરની સ્મૃતિમાં
- માતુશ્રી તરલાબેન એચ. મોમાયા, સાંયરા (ચુનાભઠી) હ. રાખી વિક્રમ મોમાયા
- શ્રી શાહીલ ચંદ્રશ મુરજી ધુલ્લા, સુથરી (નવીમુંબઈ) હ. તેજકુમાર (લોકાપુર)
- શ્રી મણીલાલ ઠાકરશી ગોગરી, પત્રી (હુબલી)
- માતુશ્રી ગુણવંતીબેન કુંવરજી લોડાયા, સાંયરા (ગદગ) હ. શ્રીમતિ રત્નીકા રવિન્દ્ર
- શ્રીમતિ નવલબેન નવિનચંદ્ર દેઢિયા, ગઢશીશા (મુંબઈ)

અનુમોદના

### નવી વિંગ માં થનાર બાંધકામ પેટે એક રૂમના દાતા

- ૧,૫૦,૦૦૦/- માતુશ્રી હીરાબાઈ નરશી ચત્રભુજ લોડાયા, વરાડીયા, હ. ચિ. પ્રિયકાન્ત નરશી લોડાયા મુંબઈ

**સંસ્થાને ફાળો નીચે મુજબ ના બેંકના ખાતામાં જમા કરી, નામ નોધાવી શકાય છે.**

આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુકિતને પાત્ર છે

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ–ગદગ
**HDFC બેંક – SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762**
**CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511**




## ચાલો, વધાવીએ જ્ઞાતિપૂર્વજોની દૂરદર્શિતા

જ્ઞાતિ ઇતિહાસમાં અક્ષય તૃતીયા વૈશાખ સુદ-૩, વરસ ૨૦૧૯નું અનેરૂં સ્થાન છે. તે શુભ દિને સમગ્ર કચ્છી સમાજોમાં પ્રથમવાર શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન (નાની જ્ઞાત)ના ઉપક્રમે જેનું હાલમાં જ્ઞાતિમાં વિલીનીકરણ થયું છે. તે દ્વારા સમુહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવાર-સાંજ મળી કુલ૯ નવ યુગલોએ ધામધૂમથી હર્ષ ઉલ્હાસના વાતાવરણમાં પ્રભુતામાં પગલાં માંડ્યા. તે સમુહલગ્નમાં મારો પણ સમાવેશ થતો હતો અને મહાજનના સહમાનદ્ મંત્રીના રૂપે સાંજના યોજિત સત્કાર સમારંભમાં કાર્યવાહી પાર પાડી હતી. સમગ્ર કાર્યક્રમમાં તન-મન અને ધનથી સહકાર આપનાર તત્કાલીન પ્રમુખશ્રી કુંવરજી ધારશી મોતા (લાખણીયા)ને કેમ વિસરાય ? તદ્પરાંત નાના મોટાં કાર્યકરો સહિત સ્વ.શ્રી. કાનજી મેઘજી મૈશેરી (રાપર ગઢવારી) અને સ્વ.શ્રી પદમશી કાનજી મૈશેરી (રાપર ગઢવારી) મોખરે રહ્યા.

સમગ્ર કાર્યક્રમનો વિસ્તૃત અહેવાલ તસ્વીર સાથે એપ્રિલ ૧૯૬૩ બાદ મેના અંકમાં પ્રસિદ્ધ થયો છે. હાલ જ્યારે ભૂતકાળની ગૌરવપ્રદ બીનાઓ પુનઃ મુદ્રિત થઇ રહી છે. ત્યારે એ શૃંખલાનો દોર આગળ વધારતાં મજકુર અહેવાલ અને તસ્વીર પુનઃ પ્રસિદ્ધ થશે તો જ્ઞાતિજનોને અતિ આનંદ થશે અને પ્રકાશ-સમીક્ષાની આગવી પરંપરા અખંડ રહેશે.

આ ગૌરવપ્રદ પહેલને પાંચ દાયકા પૂર્ણ થાય છે અને સમુહ લગ્નના યુગલો પૈકી નિમ્નલિખિત યુગલો લગ્ન સંસારની સુવર્ણ જયંતિના ભાગ્યશાળી બન્યા છે.

શ્રીમતી મયુરીબેન કાંતિલાલ કેશવજી મોતા (તેરા), શ્રીમતી ધનબાઇ લખમશી હંસરાજ મોતા (કોઠારા), શ્રીમતી ગુણવંતી નટવર રાઘવજી નાગડા (કોઠારા)

દશાને નવી દિશાને દોર આપતા મુંબઇ મહાજનની સમૂહલગ્ન સમિતિએ સમુહ લગ્નની પહેલને સુવર્ણ જયંતિ અવસરે યથાયોગ્ય રીતે ઉજવવી ઘટે.

**કાંતિલાલ કેશવજી મોતા-મુલુંડ**

## દેવ-દેવીઓની પહેડી આવશ્યક ?

કદાચ આ લેખથી અમુકવર્ગની લાગણી-ભાવના દુભાય તે બદલ પહેલેથી માગી લઉં છું, પણ સમય પરિવર્તન, જરૂરીયાત અને સંક્રમક કામના હિસાબે આ લેખ લખવા પ્રેરાયો. દરગુજર કરજો પણ વિચાર જરૂર કરજો.

અન્ય સમાજમાં પહેડી જરૂર ૪૦ વર્ષથી જોતો આવ્યો છું પણ આપણા સમાજમાં છેલ્લા દસેક વર્ષમાં ગામદીઠ, ગોત્રદીઠ પહેડીનો પગપેસારો થયો છે. ગામવાસી કે ગોત્રવાસી ભેગા થઇ ભજન-કિર્તન કરે એમાં ખોટું કંઇ નથી, પણ આડંબર-દેખાદેખી સાથે બેસુમાર ખર્ચ કરી ઉજવણી કરવી એનો શું અર્થ ?

હમણાં મારા મિત્ર કચ્છના નાના ગામના રહેવાસી અમૂક નૂખના કુટુંબો ભેગા થઇ પહેડીની જાહેરાત કરી. પૈસો ભેગા ક્ર્યા. શરમના મારે કે સંબંધના સથવારે સહજમાં રૂા.૧.૫૦ લાખ ભેગા થયા ! રવિવારના મુંબઇના પરાંમા હોલ ભાડે લઇ, ગાયક, માઇક, સ્ટેજ ખુરશીઓ મંગાવી. પહેલાં દાખલ થતાં ચા-પાણી બિસ્કીટ આપી પછી ગામનાં કે ગોત્રના દેવી-દેવતાંના ફોટા સાથે ઢોલ-શરણાઇ સાથે હોલની ગલ્લીમાંથી પ્રદક્ષિણા કરી. તે સમયે વરસાદના છાટાં પડ્યા લોકોમાં ઉત્તેજનો આવી કે અમીઝરણાં થયા ! પછી હોલમાં ૧.૩૦ કલાકના ભજન ગાયકે ગાયા અને સાથીઓએ સાથ સહકાર આપ્યો. લોકો પોતાના સગા-સંબંધી સાથે વાતચીતમાં મશગુલ હતા. ગાયકે શાંતિ માટે માઇકથી વારંવાર અપીલ કરવાની ફરજ પડી.

હવે વારો જમણવારનો, બુફે માટે લાઇન લાગી, ભરપેટ ખાધું, વખાણ્યું અને સૌ હાય-હલ્લો કરી છૂટ થયા (સમય ૪ કલાક).

હવે સવાલ એ થાય છે કે, શું આ જરૂરી હતું ? આપણાં ત્રીશેક ગામ અને વીસેક ગોત્ર છે, લગભગ ગામ અને ગોત્ર આમજ ઊજવાનું નક્કી કરતા રહેશે ? શું મતલબ ? કંઇ ધર્મની લાગણી દિલમાં ઉભરાઇ ! અને એ ઉભેરાયેલ ભાવના કેટલા સમય સુધી ચાલી ? એ પછી શું ક્ર્યું ? ધાર્મિકતા માટે સંસારરૂપી પડોજણામાં, નોકરી કે ધંધામાં, ભણતરમાં, મોંઘવારીના વિચારોમાં સમય પસાર થતો ગયો પણ પહેડીના આદર્શ માટે મળેલા જીવ ક્યાં ચાલી ગયા આ સંસારરૂપી ભવમાં ?

પચાસેક વખત રૂા. લાખોનો ખર્ચ થાય છે. ગામ અને ગજા પ્રમાણે, વિચાર કરો. કેટલા રૂપિયા ન્યાતના ગયા અને શું મેળવ્યું ? ખાલી સ્વાભિમાન સંતોષવા પહેડી કરી ?

આજ પૈસા સમજી વિચારીને આપણી ઘણી જરૂરીયાતમંદ સંસ્થાઓ છે તેમને આપી શકાય, જેમ કે વિ.લ. બોર્ડીંગ, કન્યા છાત્રાલય, શિક્ષણ પ્રસારક સમિતિ વગેરે એમાં આપી એમને સધ્ધર કરી શકાય. જેમાંથી ન્યાતની ઘણી વ્યક્તિઓ કે આપણા બાળકોનું ભવિષ્ય ઉજળું થઇ શકે છે.

દરેક વખતે આપણે ન્યાત માટે પૈસાદાર વર્ગ પાસેથી જ આશા રાખશું ! આપણી સૌની ફરજ કે જવાબદારી નથી ન્યાત માટે ? જ્ઞાતિના વિકાસ માટે. ? પહેડીમાં અતિ સામાન્ય જ્ઞાતિજનો પણ રૂા.૧૦૦૦થી રૂા.૫૦૦૦નો ફંડફાળો આપતાં જોયા છે. ત્યારે બોર્ડીંગ કે શિક્ષણ પ્રસારક સમિતિ કેમ યાદ નથી આવતી ? ટીપે ટીપે સરોવર ભરાય, આજ બહોળોવર્ગ વિચાર કરી અને રૂપિયા આપવાની કે લખાવવાની ભાવના જાગૃત કરશે તો પૈસાંની કયાં કમી પડશે.

આપણે ગામોગામ જ્યાં વસ્તી છે, ત્યાં દેરાસરો છે. ત્યાં જઇ દર્શન કરો. ત્રણ નવકાર ગણી ફક્ત ૧૦ મીનીટનું કામ છે. પણ આપણી પાસે ક્યાં સમય છે કે ભાવના છે ? અત્યારે દુકાળ વખતે દરેક ગામવાસી વિચારે તો જ્યાં આપણી ગૌશાળા કે પાંજરાપોળમાં નકરો લખાવીએ તો ? કોઇક ગાય માતા આપણી મહેનત કે ફંડફાળામાંથી બચી શકે છે. ક્યાં કોઇક વિદ્યાર્થી આ ફંડમાંથી ડોક્ટર, વકીલ કે ઇજનેર બની શકે છે.

કોઇ કોમનું કે વર્ગનું અનુકરણ કરવું એ શું હિતવાહક છે ? કે દેખાદેખી, હુંસાતુસી કરીને પણ ઉત્સવ ઉજવવો એ વ્યવહારિક છે ? આપણો સમાજ શત પ્રતિશત ભણેલો છે, હજી વધારે ભણતરની જરૂર છે નિમ્નવર્ગને સાથ-સહકારની જરૂર છે. ગામથી ભેગા કરેલ પૈસા કોઇ જરૂરતમંદને બિમારી વખતે જરૂરથી મદદ કરો એ સાચી ભાવના છે એમાં જરૂર તમને પ્રભુ દેખાશે. જમણવાર કે ગાયકે ગાયેલા ભજનોમાં નહી.

મુંબઇ-૪.૫.૧૩ -જ્ઞાતિજન

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામના માહિતીપ્રદ કાર્યક્રમ

ક.દ.ઓ એકતા મહિલા મંડળે તા. ૧૩-૫-૨૦૧૩ નાં રોજ ''આકાશ દર્શન'' અને ''રોકેટ મોડેલ'' બનાવવા માટે અમદાવાદથી શ્રી પ્રથમભાઇ આંબલાને આંમત્ર્યા હતા. પ્રાથમભાઇ આંબલા ઇન્ટરનેશનલ લેવલ પર રોકેટ મોડેલ બનાવવાની સ્પર્ધામાં પ્રથમ આવેલ છે. તેઓ એસ્ટ્રોનોમી ક્લબના મેમ્બર છે.

તેમણે ગાંધીધામના બાળકોને રોકેટ મોડેલ બનાવી અને ઉડાડીને બતાવ્યું હતું. અને આકાશમાં જ્યુપીટર, ચંદ્ર અને શની જેવા ગ્રહો ટેલીસ્કોપથી બતાવી તેના વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળની બધી બહેનો એ ખૂબ જ સારો સાથ સહકાર આપ્યો હતો.

### શ્રી. ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ તથા રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ દ્વારા અભિગમ કસોટી

ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ દ્વારા રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ સાથે વિદ્યાર્થીઓ માટે અભિગમ કસોટીનું આયોજન ૨૮/૪/૨૦૧૩ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે શ્રીમતી ભાવિકા લાડ (એજ્યુકેશનલ કાઉન્સીલર), દિપ્તીબેન ધરમશી (શિક્ષણ પ્રચારક સમિતિ) અને કવિતાબેન ધરમશી (મુંબઇ મહાજનના સદસ્ય) અને ક.દ.ઓ જૈન એકતા મહિલા મંડળની બહેનોએ ખૂબજ જહેમત ઉઠાવી કાર્યક્રમપાર પાડ્યો.

મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય થયું. પ્રમુખ મીનાબેન લાલકાએ સૌને આવકાર્યા. દિપ્તી ધરમશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું. ભાવિની દંડે ભાવિકાબેન લાડનો પરિચય આપ્યો. આભારવિધિ મૃદુલાબેન નાગડાએ કરી. કમિટીનાં પદમીનીબેન, લતાબેન, તરલાબેન, દિપ્તીબેન લોડાયા વગેરે તેમજ ક.દ.ઓ. જૈન ગાંધીધામ મહાજન અને સાર્થક મંડળે ખૂબજ સહકાર આપ્યો.

પાવર પોઇન્ટ પ્રેઝન્ટેસન દ્વારા અપાયેલા માગદર્શનમાં ૭૬ વિદ્યાર્થીઓ પોતાના વાલી સાથે કરિયરને લગતી માહિતી મેળવી, ત્યારબાદ બાળકોની કસોટી લેવામાં આવી. ભાવિકાબેન દ્વારા દરેક વિદ્યાર્થીનું તેમના વાલી સાથે પર્સનલ કાઉન્સીલીંગ કરવામાં આવશે.



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૨)**
**- સોમ ધરમશી** (કચ્છ)
આ અંકમાં સ્થળ સંકોચને કારણે આ કોલમની ગેરહાજરી દરગુજર કરશોજી

### પારોલામાં વરસીતપના પારણા

પરમ પૂજ્ય સાધ્વી શ્રીસયંમગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ની નીશ્રામાં અખાત્રીજના વરસીપતના પારણા, તેમજ શ્રીપારોલા તીર્થના શ્રી શાંતિનાથદાદાના જિનાલયની વર્ષગાંઠ ઉજવવામાં આવેલ જેમાં આજુ બાજુના ખાનદેશના જ્ઞાતિભાઇ બહેનો સારી સંખ્યામાં પધારેલ. પરમ પૂજ્ય સાધ્વીશ્રી ભગવંતો ને કામળી વહોરવવાનો લાભ-માતુશ્રી જયવંતીબાઇ ગુલાબચંદ લોડાયા (વારાપધર) હસ્તે. અ. સૌ. કાંતાબાઇ ચંદ્રકાંત લોડાયા. ધુલીયાવાલાએ લીધેલ. પ.પુ. સાધ્વી શ્રી પાંતિગુણાશ્રીજી. મ.સા. ને ઇક્ષરસ વહોરાવવાનો લાભ માતુશ્રી નવલબાઇ લીલાધર મૈશેરી (લાલા) હસ્તે વિનોદભાઇ. ખીમજી લોડાયા. ઔરંગાબાદવાલાએ લીધેલ. સાધર્મિકભક્તિનો લાભ જયચંદ વેલજી દામજી મોમાયા (સાંયરા) ચાલીસગામવાલાએ લીર્ધેલ.

વૈશાખ સુ. ૪,૫,૬ ના શ્રી આદિનાથ પંચકલ્યાણક પુજાઓ ભણાવવામાં આવેલ. સાધર્મિકભક્તિના લાભાર્થી- ૧. અ.સૌ. દેવીકાબાઇ સોમચંદ લાલકા (વારાપધર) અમલનેર ૨. અનુશ્રી લક્ષ્મીબાઇ દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા) ભૂસાવલ /નાસીક ૩. માતુશ્રી ચંદનબાઇ કુવરજી મોમાયા (બારોઇ) જલગામ.

વૈશાખ શુ. ૭ શ્રી શાંતિનાથદાદાના


શુભેચ્છા સહ....
Laxmichand Dharshi Mota
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

જિનાલયની ૧૦૬મી ધ્વજાનો ચડાવવાનો લાભ. દેવશીભાઇ કચરાભાઇ ડાઘાપરિવાર (ગોએરસમા) પારોલાવાલાએ લીધેલ. શ્રી માતાજીની ધ્વાજા ચડાવવાનો લાભ. આ તારાબાઇ હીરજી કરમશી લોડાયા (કોઠારા) અરજીદબંદર, આરતી... શેઠશ્રી શાંતિલાલ હરીલાલ ધંધુકીયા (માંગરોળ) પારોલા મંગલદીવો. ગં. સ્વ. રમીલાબાઇ પ્રફુલચંદ લોડાયા (નલીયા) ચોપડા શાંતિકળશ-હરકીસનદાસ હરકિસનદાસ હરીલા ઘંધુકિયા (માંગરોળ) પારોલા. સાધર્મીકભક્તિ - કાયમી વંશપરંપરા શેઠશ્રી કેશવજી ભારમલ ગોએરસમા

વૈશાખ શુદ ૫ ના પરમવિદુષી પ.પૂ. સાધ્વી પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૬૦ મી, અને પ.પૂ. સા. ખંતિગુણાશ્રીજી મ.સા.ની ૧૬મી દિક્ષાતીથી નિમિત્તે સુમહ માંગલિક જાપ સહ આરાધના કરાવવામાં આવેલ. શ્રી શાંતિનાથદાદાનો શાંતિકરણ (અભિષેક) ના લાભાર્થી શેઠશ્રી વીરચંદ નરશી સોની પરિવાર (સુથરી) જુહુવાલાએ લીધે .

### મોટી સિંધોડી ધજા મહોત્સવ ૨૦૧૩

તારીખ ૧૨-૦૫-૨૦૧૩ અને ત્રિજના શુભદિવસે મોટી સિંધોડી જિનાલયની વર્ષગાઠ નિમિત્તે મુંબઇ તથા અન્ય વિસ્તારોથી લગભગ ૪૦ શ્રાવક અને શ્રાવિકાઓ સાથે બાળકો પણ જોડાયા હતા. લોકશક્તિ ટ્રેન દ્વારા ૩૩ યાત્રિકો બાંદ્રાથી અમદાવાદ પહોંચી બસ દ્વારા લબ્ધીધામ, કડીધામ, શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ દાદા ધામના દર્શન કરી ત્યાંથી શંખેશ્વર પહોંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દર્શન કર્યા. કચ્છ તરફ ભૂજ અને નલીયા માર્ગે મોટી સિંધોડી ગામ પહોંચ્યા

બીજા દિવસે અઢાર અભિષેક ભાવપુર્વક પ્રભુભક્તિ કરી. પિંગળેશ્વર મહાદેવના દર્શન તથા દરિયા કિનારે મોજ, સાંજે ભાવના ભણાવી. ત્રીજા દિવસે કરી ધજા મહોત્સવના શુભ મુહૂર્તે નેમીનાથ દાદાની ધજા ચડાવામાં આવી. બપોરે માતાના મઢના દર્શન કરી, અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. સવારે રસ્તામાં ભિલડીયાજી મહેસાણા શ્રી સિંમધર સ્વામી અને મહુડી તીર્થે શ્રી ઘંટાકરણ મહાવીર સ્વામી ભગવાનના દર્શન કર્યા. અમદાવાદથી લોકશક્તિ ટ્રેન દ્વારા બાંદ્રા આવ્યા.

વિધી વિધાન માટે પાટણથી ભક્તિ સંગીત ગ્રુપ, શ્રી દશરથભાઇએ સુંદર રીતે સંગીતમય વિધી વિધાન કરાવ્યા. શ્રી જયેશભાઇ મૈશેરી તથા અ. સૌ. કલ્પનાબેન દરેક વિધીમાં પ્રણેતા રહ્યા. શ્રી વિશાલભાઇ શાહ દ્વારા ટ્રેનની ટિકીટનું સંચાલન. સંપૂર્ણ યાત્રા - વ્યવસ્થામાં શ્રી જયંતિભાઇ મૈશેરી - જયપ્રીત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ દ્વારા, માનદ જયંતીભાઇ તરફથી મેલામાઇનના ૫૦ સેટ મહાજનવાડીમાં આપવામાં આવ્યા. ધજા મહોત્સવના બાકુડા શ્રી લહેરચંદભાઇ મૈશેરી પરિવાર તરફથી ધજાઓ પણ દર વખતની જેમ સંસ્થા તરફથી ફ્રી મળી.

મહાજનવાડીમાં શ્રી લહેરચંદભાઇ નરશી મૈશેરી મુલુન્ડ તરફથી પણ જરૂરી વાસણો આપવામાં આવ્યા. માતુશ્રી તારાબેન માણેકજી મોતા, રાપર ગઢવારી પરિવાર તરફથી ચૌદ સ્વપ્ન , સુર્ય ચંદ્ર, છડી વગેરે સુંદર મજાની પેટીમાં દેરાસરજીને ભેટ મળ્યા આખા આયોજનમાં ટ્રસ્ટીગણ, પદાધિકારઓ તથા પ્રગતિ મહીલા મંડળ અને નેમ યુથ ફોરમના દરેક સભ્યોનો સારો સહકાર રહ્યો. સ્થાનિકે શ્રી લહેરચંદભાઇ મૈશેરી અને તેમના પરિવારનો સારો સહયોગ રહ્યો.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**


**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઇમ્બતુર)



Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## વાકુંમાં સચ્ચાઇ માતાજીની નવી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા

કુળદેવી શ્રી સચ્ચાઇમાતાજી વાંકુ-દેવસ્થાનકે ખંડીત ચલીત મૂર્તિની જગ્યાએ નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ પ્રથમ વાર્ષિક માતાજીના ભૂઇમાની પ્રથમ ગંધી બદલવાનો કાર્યક્રમ વિક્રમ સંવત ૨૦૬૯, ચૈત્ર વદ -૧૨ સોમવાર તા. ૦૬-૦૫-૨૦૧૩ થી વિક્રમ સંવત ૨૦૬૯, ચૈદ વદ મંગળવાર, તા. ૦૭-૦૫-૨૦૧૩ દરમ્યાન આયાજીત હતો.ભાવિકોની બહોળી સંખ્યા સહપરિવાર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી કુલ મળીને ૭૨ વાંકુ ગ્રામવાસીઓએ ભાગ લીધો.

પ્રથમ દિવસ ચલીત મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ તેમજ રાત્રી માતાજીના ગરબા તેમજ દાંડીયારાસનું ભવ્ય આયોજન થયેલ. સાંજે મુખ્ય દાતાશ્રી તેમજ સહયોગી દાતાશ્રીઓ માટે સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ. જીવદયા ખાતે સહુ ભાવિકો મળીને રૂા. ૫૦૦૧/-નું દાન એકઠું કરેલ. જે સંપૂર્ણ રકમનો ઘાસ-ચારો ભાવિકોના હાથે જ ગાયોને ખવડાવેલ.

મંગળવાર, તા. ૦૭-૦૫-૨૧૩ ના ચલીત મુર્તિના પ્રતિષ્ઠાનો કાર્યક્રમની આગળની વિધી થયેલ. કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી, શ્રી ધણીદેવ, શ્રી ભલારાદાદા, શ્રી પુડશાદેવ સતીમાં તેમજ ક્ષેત્રપાળ દાદાની સામૂહિક પહેડીનું પણ સંપૂર્ણ લાભ સર્વે ભાવિકોએ મેળવ્યો. કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભૂઇમાની પ્રથમ વર્ષની ગંધી બદલી થયેલ.

કાર્યક્રમ મુખ્ય દાતાશ્રીઓ માતુશ્રી ધનલક્ષ્મી ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા, માતુશ્રી મધુરીબેન મુલચંદ લોડાયા (રતાણી), માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા, ચાંપશી મેઘજી લોડાયા, માતુશ્રી હંસાબેન લાલજી મેઘજી લોડાયા અને માતુશ્રી મણીબેન ટોકરશી રતનશી લોડાયા પરિવારો હતા.

કાર્યક્રમના ફોટાઓ/વીડીઓ ફેસબુકના મેમ્બર્સ બની Facebook : sachchaimataji vanku, જોઇ શકાશે. Email Id : sachchaimataji.vanku@gmail.com

## મહિલા મંચ, અમલનેર

૯ મે ૨૦૧૩ ના માતુશ્રી ધનલક્ષ્મીબેન મણિલાલ લોડાયાના નિવાસસ્થાને સામુહિક સામાયિકમાં જાપ અને ૧૧ મે ૨૦૧૩ ના મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ જેમાં મંચની બહેનોએ સારી રમઝટ જપાવેલ.

## જ્ઞાતિ જનને ઘેર પૂજ્યશ્રીના પગલાં

સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીપદ્ વિજય જયઘોષ સૂરિશ્વરરજી મહારાજા આદિ ઠાણાએ વડોદરા મુકામે કોઠારાના શ્રી નટવરભાઇ રાઘવજી નાગડાના નિવાસસ્થાને પગલાં કરી માંગલિક સંભળાવ્યું હતું.

શ્રી નટવરભાઇ છેલ્લા ૧૮ વર્ષથી એક હજાર જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો (આચાર્યશ્રીઓ, પન્યાસશ્રીઓ તથા મુનિ મહારાજો) ને ઉચ્ચ સ્તરિય અંગ્રેજી ભણાવવાનો લાભ લઇ ચૂક્યા છે.

## સખીવૃંદ પુના

એપ્રિલ મહીનાની સભા શ્રીમતી વિજયાબેન દેવજીભાઇ નાગડાના ઘરે યોજાયેલ. તેમણે સભાના વિષય તરિકે વેજીટેબલ કાર્વીંગ (Vegetable Cerving) પસંદ કર્યો હતો જે માટે તેમના પુત્રવધુ સૌ. કીર્તિબેન સંચાલન કર્યું હતું.

ડાઇનીંગ ટેબલ સલાડ તરીકે વપરાતી વિવિધ સામગ્રીઓને કોતરણી કરીને સુશોભનીય સ્વરૂપો મૂકવાનું પ્રત્યક્ષી કરણ કરવા કુ. શ્વેતા દુબેને આમંત્રણ અપાયું હતું. તેણે એકદમ સાદા કટરનો ઉપયોગ કરીને અલગ અલગ આકરમાં, ગાજર-કેપસીકમમાંથી નાળિયેરનું વૃક્ષ, કાકડીમાંથી શિકારા બોટ, દુધમાંથી માલગાડી (ગુડ્સ ટ્રેન) લાલ ભોપલામાંથી બળદગાડું, કારેલામાંથી મગર, ટોમેટો વિ. માંથી ગુલાબનું ફૂલ, તેમજ બીટ, ગાજર, શેપુની ભાજી વિ. માંથી બનાવેલ. બગીચામાં આકર્ષક રીતે ગોઠવી બનાવી હતી. વિજયાબેન પોતાના પ્રપૌત્ર અને પ્રપૌત્રીના આગમનની ખુશાલીમાં ખીર વધાઇનો કાર્યક્રમ પણ સામેલ કરેલ અને મંડળને રૂા. ૧૦૦૦/-ની ભેટ આપેલ. સૌ. કીર્તિબેને ત્રણ મિનિટમાં શાકભાજી અને રંગોના વધારેમાં વધારે નામ લખવાની હરીફાઇ યોજી હતી તેના વિજેતા હીના રતાણી અને મીરા મોમાયાને તેમણે પુરસ્કાર આપેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

મે મહિનાની સભા શ્રીમતિ હીરાબેન મણિલાલ ધરમસીના ઘરે યોજાયેલ જેનો વિષય હતો સ્વ-સશક્તિકરણ (સેલ્ફ એમ્પાવરમેન્ટ). આ માટે વક્તા તરીકે શ્રીમતી કમલ ઠાકુર, જેઓ આંતરરાષ્ટ્રીય પ્રમાણિત Heel your Life ની કાર્યશાળાના ટ્રેનર, ફેસીલીટેર, લીડર અને ટીચર છે. તેમને આમંત્રેલ, જેમણે આત્મચિંતન અને આત્મનિરીક્ષણ દ્વારા આપણા મનનો સમજવા માટે અંતરમા (સબકોન્શીયસ માઇન્ડ) નું પ્રોગ્રામીંગ કરવા પર ભાર મૂક્યો હતો જેમાં આપણી જાતને નિમ્ન આત્મશ્રદ્ધાઓ આત્મવિશ્વાસના સારથી સકારાત્મક ભૂમિકા લઇ ઊંચે લાવવાની અન તે દ્વારા દ્રઢ મનોબલ કેળવવાની સમજ આપેલ. તેમજ બાળકો પાસેથી પણ આપણને ઘણું શીખવા મળી શકે તેનો ખ્યાલ રાખી બે પેઢીઓ વચ્ચેનું અંતર દૂર કરવા તથા રોજીંદા જીવનમાં અન્યોને ક્ષમા આપવા અને પોતાને જ ચાહવા (સેલ્ફ લવ) થી આપણે જે પરિસ્થિતિમાં તથા ભૌતિક વાતાવરણમાં છીએ તેનો સ્વીકાર કરવા અને અપરાધ ભાવનામાંથી બહાર આવવા અંગે વિસ્તૃત સમજણ આપેલ તથા કયા પ્રકારના સ્વભાવથી કયા પ્રકારના રોગ આવી શકે છે તેની છણાવટ કરી.

## શ્રી અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી


શ્રી અજિતનાસ્વામી દેરાસરની ૧૦૮મી વર્ષગાંઠ વૈશાખ સુદ પાંચમ ને મંગળવાર તા. ૧૪-૫-૨૦૧૩ દલતુંગી ગામવાસીઓની વિશાળ હાજરીમાં ઉજવાયેલ. ૧૭ભેદી પુજા તથા અઢાર અભિષેક વિધીસર શ્રી કલ્પેશભાઇએ કરાવેલ ધજાનો ચડાવો માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી માલદેએ ૪૫૪૫ મણમાં લીધેલ. રંગપૂર સંઘવતી શ્રી ઠાકરસી ડાહ્યાલાલ ધરમશીની હાજર રહેલ. ગામના ટ્રસ્ટીશ્રી દિલીપ ડુંગરશી લાપસીયા જોધપુરથી ખાસ પધારેલ.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## સિદ્ધાંત પોલડીયા ફિલ્મ ક્ષેત્રે

ચી. સિદ્ધાંત રાજેંદ્ર પોલડીયા (ઉ. ૨૦) બાયઠ હાલ જલગામ. હાલમાં ચિત્રીત થયેલ ફિલ્મ ''વાૅર છોડ ના યાર' જેમનું દિગ્દર્શન અને લેખન ફરાબ હૈદરનું છે. જેમાં જાવેદ જાફરી સાથે શર્મન જોશી, સોહા અલી ખાન  તેમજ સંજય મિશ્રા જેવા કલાકારોઅભિનય કરેલ છે. આ ફિલ્મનાં એક્શન ડાયરેક્ટર શ્રી સમશેર ખાન ને ચી. સિદ્ધાંતએ આસીસ્ટંટ એક્શન ડારેક્ટર તરીકે સાથ આપી પોતાનું સિનેસૃષ્ટીમાં કેરીયર આરંભ કરેલ છે. હાલમાં બીકાનેર ખાતે ફિલ્મનું શુટિંગ થયેલ અને આ વર્ષેજ રિલીજ થવાનું છે. આ ભારતનીસૌથી પહેલી વાૅર કોમેડી ફિલ્મ છે. ચી. સિદ્ધાંત તદ્ઉપરાંત 'ટેલીસ્પ્રે' ની એડર્વટાઇજ સુટિંગમાં પણ આસીસ્ટ કરેલ છે જે ફક્ત વિદેશમાં રિલીજ થશે. પ્રકાશ સમીક્ષાની શુભેચ્છા.

## કેડીઓ સીનિયિર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ, મુંબઇ

**આ વર્ષના આગામી યાત્રા-પ્રવાસા**

(૧) ૩ દિવસ - ૨૫ થી ૨૭-૬-૨૦૧૩- શાહપુર, ગોટી, ગારગોટી, ભંડારદારા, દેવલાલી, નાસિક, ધર્મચક્ર - સભ્યો માટે રૂા. ૧૮૦૦ અન્યો - રૂા. ૨૦૦૦

(૨) ૧ દિવસ - ૨૧-૯-૨૦૧૩ - આપણા વાલકેશ્વર બાજુના દેરાસરોની ચૈત્યપરીપાટી - રૂા. ૨૦૦

(૩) ૬/૮ દિવસ- ૨૦-૧૧-૨૦૧૩ થી ઝાંસી, ગ્વાલિયર, ભોપાલ, ઓરછ, ખાજુરાહો

(૪) ૩ દિવસ તા. ૮-૧-૨૦૧૪ થી ૧૦-૧-૨૦૧૪ વાપી, સેલવાસ, દમણ, નારગોલ, તીથલ

(૫) ૬ દિવસ તા. ૧૫-૨-૨૦૧૪ થી પંચગીની, મહાબલેશ્વર, તપોલા

પ્રવાસ (૧) માટે ફી સાથે નામ નોંધવવા છેલ્લી તારીખ : ૫-૬-૨૦૧૩

**સંપર્ક - રતિલાલભાઈ - ૯૮૩૩૧૧૯૪૭૭ - વનિતાબેન - ૦૯૮૨૦૮૧૦૪૯૯**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

9323360708 ▯ 25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


ગરમી દર ઉનાળે વધતી જતી હોય એવી ફરિયાદ આપણે સૌ કરીએ છીએ. ક્યારેક છાપામાં વાંચીએ છીએ તો ક્યારેક ટી.વી. પર ચર્ચા સાંભળીએ છીએ કે ગરમી વધવાનું કારણ ગ્લોબલ વાર્મિંગ છે. ગ્લોબલ વાર્મિંગ એટલે કે પૃથ્વીના વાતાવરણમાં આપણે મોકલેલ ગરમી સર્જક કાર્બનડાયઑક્સઇડ જેવા તત્વોનું ફસાઇ રહેવું. આ સ્થિતિ સર્જવામાં આપણા સૌનો ફાળો છે. એ વાત આપણે ભૂલી જઇએ છીએ. જે આપણને મોંઘી પડશે

**- તન-મન પરિવાર**


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ



## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **દિનેશચંદ્ર ડી. ફુરુવા** | અન્નપૂર્ણા સ્વાગત, ફ્લેટ નં.બી-૪, ગ્રાઉન્ડ ફ્લોર, આનંદ નગર, માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ) - ૪૨૧૨૦૧ |
| **નવિનચંદ્ર દામજી ધરમશી** | બદ્રી વિશાલ બિલ્ડીંગ, પ્લોટ નં.૮૧, રૂમ નં.૯, બીજે માળે, આર.એ.કે. રોડ, વડાલા (વેસ્ટ)- ૪૦૦૦૩૧. |
| **કેતન શાહ** | ૧૩, પાર્શ્વનિકેતન, પાર્શ્વનાથ રોડ, ગુજ્જર ગલી, ગદગ - ૫૮૨૧૦૧ |
| **ચિરાગ શરદ શાહ** | ૩૦૬, સીનેરારીઆ, બી-વીંગ, ૩જે માળે, વેંકટેશ ફ્લોરા, ફેઝ-૨, મુંધવા, પુણા-૪૧૧ ૦૩૬. |
| **કેતુલ એચ. લોડાયા** | હાઉસ નં.૮૪, ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૫, પાર્ટ-૩, ગુરગાંવ, હરિયાણા - ૧૨૨૦૧૧. ફોન : ૯૯૧૦૦૪૩૪૫૨ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૪.૧૩ | મુલુન્ડ | SACL010403 | વિવાન-કાશ્મીરા-પ્રેમ ગુલાબચંદ ગોવિંદજી ચુરમા | સાંધણ | પુત્ર |

### સગપણ



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦.૫.૧૩ | ઘાટકોપર | KRKN030304 | અમીષ નરેશ માણેકજી ખોના | કોઠારા | ૨૭ |
| | બ્રીચકેન્ડી | SUDH0304405 | એકતા લલિત નારાણજી ધરમશી | સુથરી | ૨૩ |
| ૧૯.૫.૧૩ | મુલુન્ડ | JKDH030704 | નયન હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | જખૌ | ૨૮ |
| | મલકાપુર | VRDD011503 | ઉર્વશી કુમારપાલ તિલોકચંદ દંડ | વરાડીયા | ૨૧ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૪.૧૩ | પુના | A | મેજર વરુણ શ્રીકાંત યેરી (આર્મી) | પુના | ૩૧ |
| | મુલુન્ડ | BHDH040503 | સ્નેહલ વિનોદ હંસરાજ ધરમશી | ભરુડીયા | ૩૦ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૫.૧૩ | ચિંચવડ | - | હીરબાઇ લખમશી જેઠાભાઇ લોડાયા | કોઠારા | ૯૦ |
| ૧૯.૫.૧૩ | ગોવા | VRMO010801 | કાંતીલાલ ભવાનજી માણેકજી મોમાયા | વરાડીયા | ૬૮ |



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

K.D.O. STUDENTS ASSOCIATION

Estd. 1954

59 Shree KDO Students Association

## FREE 1st Class Railway / Bus Pass





મુંબઇમાં વસતા જ્ઞાતિના સમસ્ત વિદ્યાર્થીઓ જેઓ અભ્યાસ માટે બસ અને રેલવે પાસ દ્વારા અવર-જવર કરતા હોય તો તેઓને સમગ્ર વર્ષ દરમ્યાન બસ અને રેલ્વેના પ્રથમ વર્ગ પાસનો સંપૂર્ણ ખર્ચ આપવામાં આવશે.

:: સૌજન્ય દાતાશ્રી ::

માણેકજી મોતા ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ

**વિશેષ આભાર**

શ્રી કલ્પેશ માણેકજી મોતા　શ્રી હિતેશ માણેકજી મોતા　શ્રી નિલેશ માણેકજી મોતા

**સંપર્ક**

| શ્રી કરણ મુલરાજ છેડા | શ્રી અનુજ ગીરીશ લોડાયા | કુ. ધર્મીતા કિરીટ લોડાયા | શ્રી ઉર્મિન જયેશ લોડાયા |
|---|---|---|---|
| ઘાટકોપર | ભાંડુપ/મુલુન્ડ | ડોંબીવલી | રેસ્ટ મુંબઇ |
| મો. 9833818193 | મો. 9579787800 | મો. 9819462131 | મો. 9167060043 |

### ખિરકીયાના નાગડા પરિવારનું ગૌરવ

### ડૉક્ટર થયા : હાર્દિક અભિનંદન



**ડૉ. કુશલ ગિરીશ નાગડા** (B.H.M.S)
(લાલા-ઇન્દૌર)

જન્મ તા.15.09.1987 (Time : 18.28)

ચિ. કુશલ B.H.M.S. ના અંતિમ વર્ષમાં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઇ (બેસ્ટ સ્ટુડન્ટ ઑફ દ યર)નું પારિતોષિક મેળવી ડૉક્ટર થયા.

**ઉત્તરોત્તર વધુ સફલતાની શુભેચ્છાઓ**

દાદી-દાદા : ગં.સ્વ. દમયંતીબાઇ મણીલાલ શિવજી નાગડા (લાલા-ઇન્દૌર)
નાની-નાના : ગં.સ્વ. કસ્તુરીબાઈ હંસરાજ સાંગણ લોડાયા (નલિયા-કોચીન)
ફુઈ-ફુઆ : અ.સૌ. લીલમબેન વિજય ઉમરસી લોડાયા (નલિયા-ઘાટકોપર-મુંબઇ)
સ્વ. લતાબેન ભરત શામજી મૈશેરી (જખૌ-ઘાટકોપર-મુંબઇ)
અ.સૌ. દીપાબેન દીપક આણંદજી લાલકા (વારાપધર-સેંધવા મ.પ્ર.)
અ.સૌ. પારૂલબેન પ્રમેશ હંસરાજ દંડ (સાંધવ-મુલુન્ડ-મુંબઇ)
મમ્મી-પાપા : અ.સૌ. જયશ્રી ગિરીશ મણીલાલ નાગડા (લાલા-ઇન્દૌર)
ભાઇ : જીગ્નેશ ગિરીશ નાગડા (M.COM, MSW)

**એવમ્ સમસ્ત નાગડા પરિવાર**

Mob. : 9826293106

### હાર્દિક અભિનંદન



**ચિ. રાગિની હરીશ લાપસીયા**
(દલતુંગી - હૈદરાબાદ)

જન્મ તા.06.07.1987
(C.A. PGDHRM, B.COM)

ચિ. રાગિનીએ Chartered Accountants ની પરીક્ષા પાસ કરી Deloitte કંપનીમાં જોડાયા છે. ચિ. રાગિનીના ઉજ્જવલ ભવિષ્ય તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતરની શુભેચ્છાઓ.

**શુભાશિષ**

માતા-પિતા : સૌ. ચંન્દ્રાબેન હરીશ નવીનચંદ્ર લાપસીયા
(Hyderabad - Daltungi)
બહેન : ચાંદની હરીશ લાપસીયા (B. Tech)

Ph. : 040-27763267 / 9441380733

**સદ્ગુણોની છોળો ઉછાળતો સાગર,**
**મહાસાગરમાં વિલીન થઇ ગયો...**
**ઝળહળ સોનેરી જ્યોતિ રેલાવતો સુરજ,**
**મહાસાગરમાં વિરમી ગયો...**



# સ્વર્ગસ્થ આદરણીય વડીલશ્રી ખીમજીભાઇ કરમશીભાઇ લોડાયા

વડીલશ્રી ખીમજીભાઇ નું જીવન ગુજરાતના જામનગર જીલ્લામાં મોટીખાવડી ગામે એક સામાન્ય ખેડૂત પુત્ર થી શરૂ થયેલ મોટીખાવડી ગામે ત્રણ-ચાર ચોપડી નો અભ્યાસ કર્યા બાદ તેઓના સ્વજનો તેમને મુંબઇ લાવ્યા. મુંબઇમાં પણ તેઓએ ફક્ત ધોરણ ૭ સુધીનો અભ્યાસ કર્યો. તેઓ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતા. બાદમાં તેઓ પોતાના સ્વજનનો સાથે ધંધાર્થે લાગી ગયા પોતાની મેહનત અને ખંતથી સમયાંતરે પ્રતિષ્ઠીત વેપારી તરીકે માર્કેટમાં આદર પામેલ... અને આજે પણ તે પેઢી કાર્યરત છે.

પૂ. ખીમજીભાઇ ખુબજ હોશિયાર અને દક્ષ તેમજ બુધ્ધીશાળી વ્યક્તિ હતા તેઓએ પોતાની આર્થિક સધ્ધરતાથી સૌ પ્રથમ પોતાનો સમગ્ર પરિવાર, મોટીખાવડી જૈન જૈનેતર સમાજ અને આપણા સમગ્ર સમાજના સુખદુ:ખમાં ભાગ લઇ થઇ શકે તેટલી મુશ્કેલીઓને નાબુદ કરી સુંદર સહયોગ આપી દરેકના સ્વજન તરીકે માન પામ્યા અને હંમેશા બધાના સ્વજન બનીને રહ્યા.

પૂ. ખીમજીભાઇ એ શ્રી મોટીખાવડી જૈન સંઘ તેમજ મોટીખાવડી ગૌ શાળામાં ૩૦ થી ૩૫ વર્ષો સુધી એકધારો ઉત્તમમાં ઉત્તમ આર્થિક યોગદાન આપી ઉમદા સેવા કાર્યો કરેલ છે. હાલમાં તેઓના માતબર રકમના દાનથી દેરાસરનો મુખ્ય પ્રવેશદ્વાર સંપૂર્ણ મારબલમાં ભવ્યાતી ભવ્ય કલાકૃતિ સહ બની રહ્યો છે.

શ્રી મોટીખાવડી જૈન દેરાસરજીના જીર્ણોદ્ધારના કાર્યો કરાવ્યા, તે સમયે તેઓ સતત ધમધમતા તડકા હોય સહન ના થઇ શકે તેવી ઠંડી હોય કે અનરાધાર વરસતો વરસાદ હોય છતા તેઓ ખડે પગે ઉભા રહી દરેક કાર્યો પૂર્ણ કરાવ્યા. જે તેઓ કેટલા શાસનપ્રેમી હતા તેની પ્રતિતી કરાવે છે. તેમની છત્રછાયા નીચે અવિસ્મરણીય શતાબ્દી મહોત્સવની ઉજવણી થયેલ. તેઓના માર્ગદર્શન અને પ્રોત્સાહન ભર્યા પ્રેરક બળોથી શ્રી જૈન સંઘમાં યુવાન કાર્યકર્તાઓ ઉભા કર્યા તેઓ એ શાસનપ્રેમ સમજાવી આપણી પરંપરા-સભ્યતા-સંસ્કાર- પ્રણાલિકા-ધાર્મિક જ્ઞાન-શાસનની જાળવણી-સાધુ ભગવંતોની વૈયાવચ્છ વગેરે ઉપર ખુબજ ભાવપૂર્વક-ખંતથી સેવા કરેલ અને અમોને શાસન સેવક બનવાની ઉત્તમ પ્રેરણા પૂરી પાડી છે.

મોટીખાવડી ગૌ શાળામાં તેઓનો જ્વલંત સિંહ ફાળો હતો. વતનમાં દુષ્કાળો પડતા ઘાસચારા / પાણીના ફાફા પડતા તે સમયે મોટીખાવડી ગૌ શાળામાં એકલા હાથે આર્થિક સહયોગ આપી ભયંકર વિકટ પરિસ્થિતીમાંથી મોટીખાવડી ગામને હસતા મોઢે નિભાવી આપી પોતાના ઉમદા વિચાર અને વિરલ વ્યક્તિતત્વનો પરિચય કરાવ્યો. ટુંક સમય માટે તેઓ મુંબઇ આવતા તો અહીથી તેઓ સરપંચશ્રી અને જૈન

સમાજના આગેવાનોને પત્ર લખતા કે ગો શાળામાં નિયમિત પણે અવેળા સાફ કરાવશો. શેવાળ ન થઇ જાય તેની તકેદારી રાખશો-ગોશાળામાં નાના પથરો વિણાવી લેશો નિયમિત ઘાસ ચારો નખાવશો. છાણ વગેરે નિયમિત ઉપાડી લેશો પંખીઓના ચબુતરામાં નિયમિત ચણ નાખતા રહેશો આવા અનેક કાર્યો ચીવટ પૂર્વક કરાવતા અને ખુદ તેની ચોકસાઇ કરતા, થોડા માં કહીએ તો આજ સુધી મુશ્કેલીઓ શું છે તેની અમોને જાણ નથી થવા દીધી કારણકે અનેક મુશ્કેલીઓ-અનેક કુદરતી આફતો-અનેક ધાર્મિક પ્રસંગો-અનેક સાંસારિક પ્રસંગો - અનેક મતભેદો - અનેક જીવન દરમ્યાન આવતા વિકટ પ્રશ્નોના અમારા એકજ ભગવાન, એકજ દાદા, એકજ પિતા, એકજ આશા, એકજ મહાન વટવૃક્ષ જેવી છત્ર છાયા એટલે... પૂ. ખીમજીભાઇ કરમશીભાઇ લોડાયા.

પૂ. ખીમજીભાઇ એ અમારા સમસ્ત મોટીખાવડી ગામના આદરણીય અને સદગુણી વ્હાલા સ્વજન હતા. મોટીખાવડી સ્થાનિક મધ્યે તેઓ શેરીમાં નીકળતા એટલે જૈન જૈનેતર સમસ્ત મોટીખાવડી વાસીઓમાં સુંદર સભ્યતાના દર્શન જોવા મળતા આવું માન મોભો રાજા રજવાડાના ભાગ્યે મળે અથવા જો હુકમીથી મળે પણ પૂ. ખીમજીભાઇને આ માન સ્વયંમ પોતાના આચરણ સેવા કાર્યો અને એક મહાન દાનવીર માનવના કારણે સ્વયંભુ આવો માન મોભો મળતો. આ દ્રશ્યો અમોએ અમારી નજર સમક્ષ નરી આંખે જોએલા છે આવું માન મેળવવું એ આપણી પોતાની જાતની અગ્નિ પરિક્ષા સમાન છે એવા બારવ્રત ધારી મોભી ખીમજીભાઇ ને અમારા સમસ્ત મોટીખાવડીના જૈન જૈનેતર સમાજવતી નતમસ્તકે કોટી કોટી ચરણસ્પર્શ....

એક પડદાની પાછળ વિરાટ મહાપુરુષ-મહાન વિચારધારા અને સન્માનીય વીર પુરુષ-કર્મનિષ્ઠ ધર્મપ્રેમી-શાસન પ્રેમી-જીવદયા પ્રેમી દુ:ખિયાના બેલી જેનું માથું બરફથીય વધુ ઠંડુ અને જેનું હૈયું માખણથીએ વધુ કોમલ હતું જે સાચા ધર્મનું લક્ષણ કહેવાય એવા અમારા પ્રેરણા સ્ત્રોત, અમારા આદર્શ એવા અમારા મોટીખાવડીના અસલી સપુતની વિરાટ છત્ર છાયા અમોએ ગુમાવી છે તેઓની હયાતી એ અમારો બુલંદ આત્મવિશ્વાસ હતો તેઓ અમારા સેનાપતિ હતા તેમજ અમારા વડવાઓએ કંડારેલા માર્ગ-સિધ્ધાંતો અને પ્રણાલિકા પ્રમાણે સુશાસન અને સુવ્યવસ્થા ના માર્ગ ચીંધનારા એક માત્ર આખરી માર્ગદર્શક હતા એમનું અમારી વચ્ચે ના હોવું એ કલ્પના માત્ર કંપાવનારી છે જે સ્વીકારવી અમારા માટે વજ્રઘાત સમાન છે.

શ્રી મોટીખાવડી જૈન જ્ઞાતિ મહાજન, શ્રી મોટીખાવડી જૈન દેરાસરજી અને મોટીખાવડી ગૌ શાળાના વહીવટો અમો કરીએ છીએ પરંતુ દિલો દિમાગમાં ઊંડે ઉંડે અમો અનાથ થઇ ગયા એવી અનુભૂતિ થાય છે અને મનોમન ડર લાગે છે કે આ મહાન પુરુષે જે વિચારધારા અમોને બતાવી છે તે પંથે ચાલીને આ આધુનિક જમાનામાં અમો ન્યાય પૂર્વક સંચાલન કરી શકશું કે કેમ... સહજ પણે ડરનો અહેસાસ થાય છે પણ તેમજ અંદરથી મનોમન એવો ભાષ થાય કે પૂ. ખીમજીભાઈ દેહ રૂપી ભલે આપણી વચ્ચે નથી પણ શાસનના દરેક કાર્યમાં તેઓ અમારી સાથે અદશ્ય રૂપે તેઓની પ્રેરણા અને સકારાત્મક વિચારધારા રૂપે હર હંમેશા અને સદાકાળ રહેશે..... સદાકાળ રહેશે.... તેઓની વિચારધારા તેઓએ કરેલ કાર્યો થી તેઓ સતત અને સતત આપણા દિલમાં વસતા હોય છે તેથી આવા સદગુણી પુરુષોનો ક્યારેય અંત નથી હોતો તેઓ સદાકાળ જીવંત હોય છે.

પૂ. ખીમજીભાઈનાઆ જીવનપંથમાં તેમની સાથે ખભેખભા મિલાવીને સમગ્ર જીવન દરમ્યાન દરેક પંથે તેમનો હાથ ઝાલીને ચાલનારા અને દરેક કાર્યમાં ઉમંગભેર - ઉત્સાહપૂર્વક - હોશે હોશે હસતા મોઢે અંતિમ શ્વાસ સુધી જેમની ઢાલ બનીને રહ્યા અને ખુબજ ખંત પૂર્વક ચીવટ ભરી જેની ચાવંત કરી એવા એમના ધર્મ પત્ની પૂ. માતુશ્રી જયવન્તીબેન ને ખોબલે ખોબલે વંદન કારણકે સમગ્ર મોટીખાવડી ગામની છત્ર છાયા પૂ. ખીમજીભાઈ હતા અને પૂ. ખીમજીભાઈ ની છત્ર તેમની ધર્મ પત્ની જયવન્તીબેન હતા...

પૂ. ખીમજીબાપા ના જીવન પંથમાં શાસનના કાર્યો કે સમગ્ર જન સમાજને સહયોગી તમામ કાર્યોમાં તેઓના સદગુણી અને સુશીલ પુત્રો એવા ગિરીશભાઈ, મહેશભાઈ, બકિંગભાઈ અને મુકેશભાઈ પણ પિતાના વારસામાં મળેલા સદગુણોના રસ્તે ચાલીને પિતાના દરેક કાર્યમાં તેમની ઈચ્છા મુજબ તેઓ લહેરથી જીવન વિતાવે અને શાસનના કાર્યો કરીને સમગ્ર સમાજમાં પ્રેરણારૂપ બની ધર્મની ધજા ગૌરવ ભર લહેરાવે એવા કાર્યમાં પિતાશ્રીના હંમેશા સહયોગી રહ્યા.

પૂ. ખીમજીભાઈ ના મહાન સદગુણ જે સદગુણ સંતપુરુષ, જ્ઞાની મહાત્મા સાચા ધર્મ સાધક, સાચા માનવતાવાદી મનુષ્ય માંજ જોવા મળે. પૂ. ખીમજીભાઈ ના જીવન માં પણ ઉતાર/ચઢાવ-તડકા/છાયા વગેરે આવ્યાજ હશે ગમે તેવા વિકટ સમયમાં પણ તેઓની પાસે કાઇપણ ક્ષેત્રમાં સામનો કરવાની પ્રબળ તાકાત

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 • day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

હોવા છતાં ક્યારેય તેમણે આવું પગલું ભર્યું નથી.... અરે પગલું તો શું.... ક્યારેય પોતાના મોઢામાંથી વ્યર્થ શબ્દ નથી કાઢ્યો અને દરેક સમસ્યાને સહજ લઈને સરળ સ્વભાવે ફિક્કી બનાવી નાખી અને દરેક વખતે ક્ષમા આપીને જે વીરતા બતાવી છે તેવી વીરતા તો રણભૂમિમાં વીરલાઓ તાકાત નું પ્રદર્શન કરીને પણ નથી બતાવી શકતા આ ૨૧ મી સદીમાં આવા સદગુણો તો સત્કર્મી અને જ્ઞાની પુરૂષોમાજ જોવામળે આવા ઉત્તમ સદગુણી સ્વભાવના હતા પૂ. ખીમજીભાઈ.....

પૂ. ખીમજીભાઈ ના સેવા કાર્યાથી હર કોઈ જ્ઞાતિજન અને જૈન જેનેતર દરેક વાકેફ હતા અને છે તેથી તેમના અસંખ્ય સેવા કાર્યોની નોંધ ગણાવવી તે તેમના સિધ્ધાંત વિરુધ્ધ ગણાશે કારણ કે તેમના સેવા કાર્યો એવા હતાં કે જમણા હાથે થયેલ કાર્ય ડાબા હાથને ખબર ન હોય અને આજના આ જમાનામાં નામના અને પ્રસિધ્ધી પાછળ આંધળી દોટ મુકાઈ રહી છે ત્યારેઆપણા સૌના વડીલ સ્વજન ખીમજીભાઈના સેવા કાર્યોના સિધ્ધાંતો આપણા રાહબર અને આદર્શ બનવા જોઈએ એજ એમને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે......

**પૂ. ખીમજીભાઈ જેઓ આપણી વચ્ચે નથી તે આપણી કમનસીબી છે**

**આ આઘાતમાંથી નિકળવા માટે અમોને વર્ષો લાગી જશે....**

**જેની ખોટ કોઇ પૂરી શકે તેમ નથી...**

**માણસો કહે છે કે કોઈ એકના જવાથી જિંદગી થોડી અટકી જાય છે પરંતુ**

**એ કોઈ નથી જાણતું કે લાખો માણસો મળશે પણ આવા એક માણસની ખોટ કોઈ પૂરી નહિ શકે**

**આવા વીરપુરુષના આત્મા ને શાંતિ આપે એજ પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના...**

**લિ.**

**શ્રી મોટીખાવડી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટીખાવડી**

**શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ, મુંબઇ**

**શ્રી મોટીખાવડી ગ્રામ પંચાયત**

**શ્રી મોટીખાવડી ગૌ શાળા ટ્રસ્ટ**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**